

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, જુલાઈ–ઓગસ્ટ ૨૦૨૧ (સંયુક્ત અંક) | ₹ ૩૦

# વિશ્વકર્મા વિશ્વ

## શૈક્ષણિક વિશેષાંક





## સમાજના તેજસ્વી તારલા


## ભાવ અને ભક્તિનો માસ
## શ્રાવણ માસ



કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું
એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

## ઘર બેઠા લવાજમ ભરો
## ઘેર બેઠા વિશ્વકર્મા મેળવો










### લવાજમ ભરવા

**Paytm OR G Pay કરો**

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

**આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.**

ટપાલ દ્વારા ભારતભરમાં લવાજમ રૂા. 300/-

**નિયમિત અંક મેળવવા કુરિયર દ્વારા લવાજમ ભરવાનો આગ્રહ રાખો**

| | લવાજમ | કુરીયર ચાર્જ | કુલ રૂા. |
|---|---|---|---|
| રાજકોટ | 300 + | ~~૧૮૦~~ ને બદલે માત્ર રૂા. ૧૦૦ | ૪૦૦/- |
| સૌરાષ્ટ્ર | 300 + | ~~૨૪૦~~ ને બદલે માત્ર રૂા. ૧૫૦ | ૪૫૦/- |
| ગુજરાત/ મહારાષ્ટ્ર | 300 + | ~~૩૬૦~~ ને બદલે માત્ર રૂા. ૨૦૦ | ૫૦૦/- |
| અન્ય રાજ્ય | 300 + | ~~૬૦૦~~ ને બદલે માત્ર રૂા. 300 | ૬૦૦/- |


વિશ્વકર્મા વિશ્વ

**વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...**

www.vishwakarmavishwa.com


વધુ માહિતી સંપર્ક :
પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-9, Issue No.6 & 7
(July-August Joint Issue)
Date : 10-08-2021

Page : 36
Retail Price Rs.30/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# નરેન્દ્ર મોદીના ઐતિહાસિક નિર્ણયથી હવે સમાજને વધુ ડોકટરો મળશે

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેડીકલમાં નવા શૈક્ષણિક વર્ષ એટલે કે આ વર્ષથી જ ઓબીસી માટે ૨૭ ટકા અને ઈડબલ્યુએસ માટે ૯૦ ટકા અનામતનો જે નિર્ણય લીધો છે તે ઐતિહાસિક છે. આ નિર્ણયથી આપણા સમાજમાંથી મેડીકલ ક્ષેત્રે જવા માંગતા વિદ્યાર્થીઓને ઘણો લાભ મળશે એટલું જ આ નિર્ણયથી આપણા સમાજમાંથી વધુ દીકરા અને દીકરીઓને ડોકટર થવાનો માર્ગ મોકળો થશે.

વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અને પરિવાર મંત્રાલયે અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડીકલ, ડેન્ટલ કોર્ષ, એમ.બી.બી.એસ., એમ.ડી., એમ.એસ., ડીપ્લોમા બી.ડી.એસ., એમ.ડી.એસ. માટેની ઓલ ઈન્ડિયા ક્વોટા (એઆઈક્યુ) સ્કીમમાં ૨૦૨૧-૨૨ના વર્તમાન વર્ષથી ઓ.બી.સ. માટે ૨૭ ટકા અને આર્થિક રીતે પછાત વર્ગ (ઈડબલ્યુએસ) માટે ૯૦ ટકા અનામત પુરી પાડવાનો ઐતિહાસિક અને સીમાચિહ્ન નિર્ણય લીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૬ જુલાઈના રોજ મળેલ બેઠકમાં નિર્ણય લઈ સંબંધીત કેન્દ્રીય મંત્રાલયોને આદેશ પણ આપી દીધા હોવાથી આ વર્ષથી જ ઓબીસી અને ઈડબલ્યુએસને આનો લાભ મળતો થઈ જશે.

આ નિર્ણયથી ૧૫૦૦ જેટલા ઓબીસી વિદ્યાર્થીઓને અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ઓબીસીના ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને અનમાતનો લાભ મળશે. આ ઉપરાંત ઈડબલ્યુએસના ૫૫૦ વિદ્યાર્થીઓને તથા પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ઈડબલ્યુએસના ૧૦૦૦ વિદ્યાર્થીઓ લાભ લઈ શકશે. વિશ્વકર્મા સમાજ ગુર્જર સુથાર, સુથાર, પ્રજાપતિ, કંસારા, શીલ્પી, કડીયા વગેરે ઓબીસી સમાજમાં આવતા હોય આ નિર્ણયથી આપણા પરિવારને પણ લાભ મળશે અને સમાજમાંથી વધુ સંખ્યામાં દીકરા-દીકરીઓ મેડીકલ ક્ષેત્રનો લાભ લઈ શકશે. વિવિધ શહેરોના સમાજોએ સરકારનો આ નિર્ણય વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી અનામતના આ નિર્ણયનો લાભ વધુને વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવો જોઈએ.

આ ઐતિહાસિક નિર્ણય માટે વિશ્વકર્મા પરિવાર વતી વિશ્વકર્મા વિશ્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યે અભિનંદન અને આભારની લાગણી વ્યક્ત કરે છે.

P.D.Gajjar
◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**




# કૃષ્ણ જન્મ ઉજવો...

• પ્રા. ડી. જે. બાવળેચા

જન્માષ્ટમી આવે છે ! કેમ ઉજવશો ?

હિંદુસ્તાન કૃષ્ણને કેમ ભુલી શકે ? કારાગારમાં જન્મ લેનાર, ગોકુળમાં તોફાન કરનાર, વૃંદાવનમાં રાસલીલા રમનાર, ગોવર્ધનપર્વત ઉપાડનાર, સોનાની દ્વારિકાના રાજવીએ કુરૂક્ષેત્રમાં ગીતા ગાઇને, પાંડવોને જીતાડવા પ્રતિજ્ઞા તોડી હતી તે ગાયોના ગોવાળને કેમ ભુલી શકે ? ગોકુળ જેવા હિન્દુસ્તાનમાં બાલકૃષ્ણ રમે છે તેને બાલકૃષ્ણને પૂજે છે તેને કેમ ભૂલી શકે તેનો જન્મ દિવસ શા માટે ન ઉજવે ?

...પણ દોઢ વર્ષમાં કોરોનાએ દુનિયાને ભયભીત કરી નાંખી છે. મહાસત્તાઓ કોરોનાના કારણે અબળા બની છે માનવજાતને સમજાતું નથી - 'કોરોના સામે કેવી રીતે લડવું ?



કહેવાય છે - અડધા કરોડ લોકો મૃત્યુના પામ્યા છે.... કોરોનાનાં કારણે કરોડો લોકો રોગગ્રસ્ત થયા છે કોરોનાના કારણે અનેક પરિવારો બરબાદ થયા છે. કોરોનાના કારણે ઘરમાં દિવો કરવાની શકિત માંડ રહી છે કોરોનાના કારણે પરિવારોએ આધારસ્તંભ ખોયો છે, કોરોનાના કારણે, અરે ભારતમાં એક લાખ સત્તાર હજાર બાળકોએ દેવકી-વસુદેવ જેવા માતા-પિતા ગુમાવ્યા છે ત્યારે જન્માષ્ટમી ઉજવવાનો વિચાર આવવો અસંભવ છે. યજ્ઞ કરવાનો, યાત્રા કરવાની, દેવાલય શણગારવાનો પ્રયત્ન કરવો અશકય છે. તો જન્માષ્ટમી નહીં ઉજવવાની. કૃષ્ણએ તો લોકોને મદદ કરવા અતિવર્ષામાં ગોવર્ધન પર્વત ઉપાડયો હતો. અર્જૂનને બચાવવા સુર્યાસ્તનો આભાસ રચ્યો હતો. પાંડવોનાં વિજયમાં અવરોધક ગંગા પુત્ર-અર્જૂનને જીતાડવા તુટેલા રથનું પૈડું ઉપાડી પ્રતિજ્ઞા તોડી હતી. કૃષ્ણ એટલે જીતવું અને જીતાડવું.

કોરોના સામે જીતવા આપણે શું નથી કર્યું ?... કોરોનાને હરાવાવા લોકડાઉનમાં ઘરમાં પુરાણાં, પ્રસંગો તહેવારો ન ઉજવ્યા, આનંદ-ઉત્સવથી વંચિત રહયા. ન કોઇના ઘરે ગયા. ન કોઇને ઘરે બોલાવ્યા ન હાથ મિલાવ્યા. હાથ જોડીને સંતોષ માન્યો. વારંવાર હાથ-પગ મોઢું ધોયા લગ્નપ્રસંગે અનિવાર્ય હોય તો જ ગયા... જરૂર પૂરતું રોકાયા... ઘરે આવીને તરત નાહીને જાત બચાવી. માસ્ક પહેરીને શ્વાસ લીધો... ભગવાનને રીઝાવવા દીવા કર્યા આગેવાનની ઇચ્છા મુજબ ધૂપસળી મીણબત્તી અને દીવા પ્રગટાવ્યા. શંખ વગાડયા ઘંટ વગાડયા, કોરોના સામે લડનાર તબીબો અને તેના સહાયકોને હાર પહેરાવ્યા, દવા-દવાખાના શોધવા ભટકયા... નગર-મહાનગરમાંથી ઘર ભણી દોડયા... અરે રસ્તા પર કેટલાંક મરણ પામ્યા.

વેકસિન શોધવા વૈજ્ઞાનિકો દિવસ-રાત કામ કરતા રહયાં. સમગ્ર માનવજાત બધુ ભુલીને એક પરિવાર બનીને કોરોનાની સામે લડી અને તો પણ આપણે કોરોનાને હરાવી ન શકયા. પણ આપણે હાર્યા નથી. કોરોનાને હરાવવા સિંહ જેવા શૂરવીર ગુમાવ્યા, બહાદુર ગુમાવ્યા, ભામાશા ગુમાવ્યા પણ

આપણે ન જીત્યા... પણ એ વાત ન ભૂલશો આપણે હાર્યા નથી. જેટલા કોરોનાના ભોગ બની મરણશરણ થયા તેનાથી વધારે લોકો કોરોનાનો પંજામાં ફસાયા પછી બચ્યા છે સાજા થયા છે.

આજે કામધંધા બંધ છે. કારખાના કચેરી બંધ છે. દુકાનો બજાર બંધ છે. અર્થતંત્ર તૂટી પડયું છે. ત્યારે રાહત મદદ માર્ગદર્શન બંધ નથી. ધંધા-રોજગાર -કારખાના-કચેરીઓ દવાખાના શાળા-કોલેજો ફરીને ચાલુ થશે. એનાથી થયેલ નુકશાનીમાંથી ઉગરી જઇશું પણ



સૌથી વધુ નુકશાન બાળકોને થયું છે. સોનાથી વધુ કિંમતી શૈશવ બાળકોએ ગુમાવેલ છે. શૈશવમાં બાળક જેટલું શીખે છે શીખવાની જેટલી ઇચ્છા રાખે છે તેટલી ઇચ્છા...શીખવાની ઇચ્છા કદી નથી ધરાવતું. શૈશવના ગુમાવેલાં વર્ષો ભગવાન પણ ન આપી શકે... દુનિયામાં અડધા કરોડ માનવીઓ મૃત્યુ પામ્યા છે તેનાથી જે બાળકોએ માતા-પિતા ગુમાવ્યા છે જેઓ નિરાધાર થયા છે. તેઓએ શું નથી ગુમાવ્યું ?

માત્ર ભારતમાં અંદાજીત આંક છે. એક લાખ સત્તર હજાર બાળકો એ માતા-પિતા ગુમાવ્યા છે. સરકાર શાળાઓ વહેલી ખોલે કે મોડી, પરીક્ષા લે કે ન લે એના કરતાં વધુ ભયંકર-ભયાનક પરિસ્થિતિ એ છે કે માતા-પિતા ગુમાવનાર બાળક માટે (બાલકૃષ્ણ) માટે કોણ શું કરવા માગે છે અને શું કરશે ? બાળક રમી ન શકે. ભણી ન શકે માતા કે પિતાની આંગળી પકડી ચાલી ન શકે તેનાથી મોટું નુકસાન શું હોઇ શકે ?

આ વિકટ સંકટ સમયે કોને મદદની જરૂર નથી ? કોણ ન માગે ? અને કોણ આપે ? આવા સમયે સરકારે ઉદારતાપૂર્વક ઘણું કામ કર્યું છે. કોરોના સામે લડવું અને જનતાને, સામાન્ય માનવીને જીવવા સહાય કરવી આસાન નથી. તેવા સમયે ભારત સરકાર-ગુજરાત સરકારની કામગીરી પ્રશંસનીય છે. જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી.

કામ થાય ત્યારે ભૂલ પણ થઇ જાય. કામ ન કરનાર કદી ભૂલ નથી કરતો. કામ કરનારથી હજાર ભૂલ થાય તો એ હજાર ભૂલને ભૂલી જવામાં સૌનું હિત છે. પણ થયેલી ભૂલને સુધારવાની ફરજ કામ કરનારની છે. ગુજરાત સરકારશ્રીએ આયોજન કર્યા મુજબ એવા બાળકોને માતાપિતા ગુમાવનાર બાળકને સરકારશ્રી પ્રત્યેક મહિને રૂા. ૪૦૦૦ આપશે. બાળક અઢાર વર્ષનું થાય ત્યાં સુધી આર્થિક મદદ કરશે. અથવા અભ્યાસપૂર્ણ કરે ત્યાં સુધી સહાયભૂત થશે. કોને મદદ કરશે ?

માતા-પિતા ગુમાવનાર બાળકને મદદ કરવાના આ ધાર્મિક માનવતાપૂર્ણ કામ કરવામાં એક નાનકડી પણ હિમાલય જેવડી ભૂલ થઇ છે. ટિકા કરવાનો આશય નથી. ભૂલ સુધારવા શુદ્ધ બુદ્ધિ ભુલ સુધારવા વિનંતી કરુ છું. સરકારી નીતિ-નિયમ મુજબ સરકારશ્રી માતા-પિતા બંને ગુમાવનારને મદદ કરશે પરંતુ જેણે માત્ર પિતા ગુમાવ્યા છે. તેવા બાળકને મદદ નહીં કરી શકે તેથી આ યોજનામાં માતા-પિતા ગુમાવનાર કે માત્ર પિતા ગુમાવનાર બાળક પણ મદદ કરવાની વ્યવસ્થા કરવી જોઇએ. નિયમ સુધારવો અનિવાર્ય છે.

જે બાળકે માત્ર પિતા ગુમાવ્યો હોય તેને શા માટે ન કરવી ? સરકારશ્રી આ બાબતે તાકીદ યોગ્ય કાર્યવાહી કરશે જન્માષ્ટમી ઉજવશે તેવી અપેક્ષા સાથે.

----------------

**માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**
**વંદન....**

**અમારી જાણ મુજબ સરકારશ્રીએ બાબતમાં યોગ્ય કાર્યવાહી કરીને માતા કે પિતા ગુમાવનાર બાળકને માસિક ૨૦૦૦/- આપવાનું નકકી કરેલ છે. એટલે કે માતા-પિતા ગુમાવનારને રૂા. ૪૦૦૦ મળશે અને એક વાલી ગુમાવનાર પિતા ગુમાવનારને રૂા. ૨૦૦૦ આપવામાં આવશે.**

**સરકારશ્રીના આ નિર્ણયમાં પણ અજુગતિ બાબત અડધો-અધડ ચાલુ રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કે પિતા ગુમાવનાર બાળકને મદદની વધુ જરૂર હોય તે સાહજીક છે તેથી જરૂરી પુરતો સુધારો કરીને પિતા ગુમાવનાર બાળકને રૂા. ૪૦૦૦/- આપવાનું આયોજન કરવા વિનંતી.**

**આપને ફરી ફરી ધન્યવાદ.**




# વિદ્યા પરં દૈવતમ્

## વિદ્યા-શિક્ષણ સર્વોચ્ચ શકિત છે

• શાંતિભાઈ આર. ખોડદિયા

દુનિયામાં એક પણ વ્યકિત એવી નહીં હોય જેની પાસે નસીબદાર બનવાનો અવસર આવ્યો ન હોય પરંતુ નસીબ જયારે જુએ છે કે એ વ્યકિત એનું સ્વાગત કરવા તૈયાર નથી ત્યારે તે પાછુ વળી જાય છે.

- કાર્ડિનલ

Education is the passport to the future for that tomorrow belongs to those who prepare for it today.

વ્યકિત અને સમાજની શ્રેષ્ઠતમ તાકાત હોય તો તેને સિદ્ધ કરેલ શિક્ષણ, જ્ઞાન અને વિદ્યાની પ્રચુરતા છે એટલે જ પ્રતિપાદિત થયું છે કે Pen is mightier than sword તલવાર કરતા કલમની પ્રચંડતા અને તેનુ કડાપન વધુ તેજ હોય છે. વિદ્યવિહિનઃ પશુઃ શિક્ષણવિહોણો માણસ શીંગડા-પૂછંડા વિનાનો પશુ જ છે. કોઇપણ સમુદાયનું ઉત્થાન અને ઉન્નતિનો માપદંડ તેનું ત્રાજવું એ તે સમાજમાં થયેલ શિક્ષણના વ્યાપ અને પ્રસાર પરથી નિશ્ચિત થાય મૂલ્યાંકિત થાય છે - મતિ વિના ગતિ નહી અને ગતિ વિના પ્રગતિ નહીં, શિક્ષણ અને વિદ્યા નિસર્ગમાં વહેતુ ઝરણું છે જે ગમે તેવા પથ્થરને લીસા અને મુલાયમ બનાવી દે. શિક્ષણના અભાવે વ્યકિત અને સમાજે ઘણી પીડા સહન કરવાની આવે. આ સમાજે પણ ભૂતકાળમાં આ કષ્ટનો અહેસાસ કરેલ છે. આ વિદ્યાવિહોણા સમાજે અંધશ્રદ્ધા, કુરિવાજો, અડિયલપણું, લત, બેરોજગારી આવા અસિમિત દુર્ગુણો-બુરાઇના શિકાર બનવું પડે છે પરંતુ શિક્ષાએ એવું અકિસર ડીટરજન છે. જે આવા મેલને જડમૂળથી કાઢી નાખે છે. આ હકીકતના આપણે પ્રત્યક્ષ સાક્ષી છીએ, શિક્ષણ એ તો સુધા છે, અમૃત છે.



એમાય આજે આધુનિકરણ અને વૈશ્વિકરણના ઝડપી યુગમાં જ્ઞાન અને શિક્ષણ વિના માણસ તદ્દન અપંગ અને વિકલાંગ દિસે તે સૌએ સ્વીકારવા જેવી સહજ બાબત છે. અંતરિયાળ સ્થળના સંદેશા નગણ્ય સમયમાં પ્રાપ્ય છે અને હજારો માઇલનું અંતર અકલ્પનીય સમયમાં પૂર્ણ થાય છે - આ વિજ્ઞાન અને શિક્ષણનો અચંબો અને અલૌકિકતા છે. જો કે સમયના વહેણ સાથે અને વિકાસ સાથે અશિક્ષિતની વ્યાખ્યામાં આવે છે. " The illiterate of 21st century will not be those who can not read & write but those who can not learn, unlearn & relearn" -Alvin Toffler. આજના યુગમાં જેમને લખતા-વાચતા નથી આવડતું તે જ અભણ નથી પરંતુ જે લોકો નવીન શીખી ના શકે, નકામુ દિમાગમાંથી કાઢી ન શકે. અને અદ્યતન અભ્યાસને અનુકુળ ન થાય તે પણ અશિક્ષિતની વ્યાખ્યામાં આવે છે.

કોયલનું રૂપ તેના સ્વરમાં, તપસ્વીનું સૌદર્ય તેની ક્ષમાશીલતામાં અને માણસની આભા તેની વિદ્યામાં હોય છે. તમારી સંપત્તિનો ક્ષય થઇ શકે ધનની લુંટ થાય, ખજાનો વ્યયથી તળિયે બેસે પરંતુ વિદ્યા-શિક્ષણનો ભંડાર અપૂર્વ છે-અનુપમ છે. જે વ્યય કરવાથી વૃદ્ધિ પામે છે. જયારે સંગ્રહથી ક્ષીણ થાય છે.

સરકાર, સંગઠનો અને સમાજે જો સામુહિક લોકજીવન સુખી, સંપન્ન અને તંદુરસ્ત નિહાળવું હોય તો શિક્ષણની પ્રાધાન્યતા એ પ્રાથમિક શરત છે. વિશ્વના જે દેશો શિક્ષણપથ પર આગળ છે ત્યાં લોકજીવન ઉર્ધ્વગામી છે જે આપણને

સૌને વિદિત છે. સાંપ્રત સમયમાં શિક્ષણ પ્રાપ્તિના અગણિત પ્રવેશદ્વાર છે તે હાથવગું કરવા તમારે પુરૂષાર્થની પુજા કરવી પડે - ચાણક્ય એ કહયું છે, મહેનત એ એવી સોનેરી ચાવી છે જે નસીબના દરવાજા ખોલી નાખે છે. અનેક ક્ષેત્રો અને અસંખ્ય તકો તમારું સ્વાગત તૈયાર છે. અવસરને ઝડપી લેવો એ તમારી નિષ્ઠા પર આધારીત છે.


Roots of the education are bitter but the fruit is always sweet અર્થાત વિદ્યા સંપન્નના મૂળિયાં થોડા ચરપરા છે પરંતુ તેના ફળ સ્વાદિષ્ટ અને મધુર હોય છે. શિક્ષણ તો એવી ચિકિત્સા છે જે સમાજની અગણિત વ્યાધિને દુરસ્ત બનીને તેને હટ્ટોકટ્ટો અને તંદુરસ્ત બનાવે છે. વિદ્યા તો કામધેનુ છે અને વાંછિત ફળોનો ઉપહાર આપે છે. એટલે જ પ્રસ્તુતિ થઇ છે. Live as if you were to die tomorrow & learn as if you were to live forever જિંદગીની હરપળ એ રીતે માણો કે તમે કાલે જ મરણશરણ થવાનો છો. અને અધ્યયન એ રીતે કરો કે તમે અમરત્વના વરદાની છો.

સંક્ષિપ્તમાં, સાંપ્રતકાળમાં શિક્ષણ દરેકના જીવનમાં અતિ આવશ્યક છે. અગ્રીમતા ધરાવતો વિષય છે પરંતુ એ ધ્યાન રાખવુ એટલું જરૂરી છે કે આ શિક્ષણ મુલ્યો આધારિત હોવું જોઇએ નહીં તો મુલ્યહીન. શિક્ષણ માણસને વધુ શૈતાની. બનાવી દે-દરેક સમાજે શિક્ષણના વ્યાપમાં ઉમેરો કરવા અને તેના સ્તરને પ્રકાશમય અને તેજસ્વી બનાવવા અથાક પ્રયાસો કરવા જરૂરી છે. સમાજનું એ દિયિત્વ છે લોકશાહીમાં શાસન અને પ્રશાસનમાં આ સમુદાયના યુવાઓ પરસેવો પાડયો છે તેમને ભાવિમાં ઓછુ લોહી બાળવુ પડે છે એટલે આ મેદાનમાં યુવા ઉતરે અને પોતાની તાકાતને એરણ પર મુકે ઉદારચરિત અનુદાતાઓએ તેમનું અનુદાન સરસ્વતીના ચરણમાં જાય જેથી સમાજ પર માંની મહેર વર્ષે તેવી અભિયાચના.


છોટુભાઈ દામજીભાઈ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઈ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઈના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી


# વિદ્યાર્થીનું પતન તરફ પ્રયાણ



આજનો સમય જોઇને લાગે છે કે વિદ્યાર્થીનો અભ્યાસ ખાડે જવા જઇ રહયો છે. આજના સમયમાં જે સસ્તા ઇન્ટરનેટ સેવા દ્વારા મોબાઇલનો એવો ઉપયોગ થઇ રહયો છે. ઇન્ટરનેટ થી નર્સરી (બાલમંદિર)થી હાઇ એજયુકેશન ગમે તે વિષયનો અભ્યાસ કરી શકાય છે. અભ્યાસ માટે ઇન્ટરનેટનો ઉપયોગ સો ટકા કરી શકાય છે. અને જે સો ટકા ફાયદાકારક છે પરંતુ તેનો ઉપયોગ ઝીરો છે. તેનો ઉપયોગ ફાલતુ કાર્યમાં કરે છે તેનો સાચો ઉપયોગ કરવામાં વિદ્યાર્થી રસ રાખતુ નથી.

કોરોનાના સમયમાં ઇન્ટરનેટ દ્વારા આખી સ્કુલ મોબાઇલમાં આવી ગઇ અને સ્કુલે ગયા વગર જ વિદ્યાર્થીનો અભ્યાસ ચાલુ રહયો જે બહુ જ સારી વાત છે. પરંતુ અભ્યાસ પછી વિદ્યાર્થી મોબાઇલમાં ઇન્ટરનેટ દ્વારા બીજી પ્રવૃત્તિ કરીને વિદ્યાર્થી પોતે પોતાને શારીરિક અને માનસિક નુકસાન પહોંચાડી શકે છે. કોઇપણ વસ્તુનો અતિરેક નુકસાન તરફ લઇ જાય છે. જો આવુને આવુ જ ચાલુ રહયું તો વિદ્યાર્થી વિચારવાની શકિત ગુમાવી દેશે. મોબાઇલનો નશો દારૂ અને પાનમસાલા કરતા પણ ભારે નશો છે. આ નશામાંથી બહાર આવવુ પડશે જ. નહિં તો વિદ્યાર્થી અને માતા-પિતા બંનેને નુકસાની વેઠવી પડી શકે તેમ છે. મોબાઇલનું આ વળગણ દુર કરી શારીરિક શ્રમ પડે તેવી રમતોમાં રસ લેવો પડશે જે ફાયદાકારક રહેશે. મોબાઇલ દ્વારા બધા પોતપોતાના મોબાઇલમાં રચ્યા-પચ્યા રહે છે. જેનાથી સંબંધોમાં અંતર થઇ રહયું છે. જે સંબંધો બચાવવાની જરૂર છે. મોબાઇલનો જરૂર પડતો ઉપયોગ કરવાથી ફાયદો થશે જે આવનારા સમય માટે સારું જ છે બસ એ જ...

**- ધર્મેન્દ્ર ગજજર**



# બાળક અને શિક્ષણ

• પ્રા. ડી. જે. બાવળેચા

છેલ્લા દોઢ વર્ષથી કોરોના કારણે અર્થતંત્ર તુટી ગયેલ છે. સમાજ વ્યવસ્થા લંગડાય છે. ધંધા રોજગાર બંધ છે. નોકરી તુટી છે. શાળા-કોલેજો બંધ છે. બાળકોને ભણાવવા વડિલો પાસે રૂપિયા નથી. દરેક માતા-પિતાની ઇચ્છા હોય કે બાળક ભણે. ભણીને પગભર થાય. પાંચ પૂછાતું થાય. બાળક મોટું થઇને ભણીને સમાજમાં ઉંચા માથે જીવન જીવતું થાય.

અમેરિકાનાં પ્રમુખ લિંકને અમેરિકાના શિક્ષકોને પત્ર લખી કહયું હતું - મારા સંતાનને ગણિત અંગ્રેજી વિજ્ઞાન, ઇતિહાસ કે ભૂગોળ નહીં ભણાવો તો ચાલશે. મારા બાળક માનવ થવાનું શીખવજો.

દરેક માતા બાળકને ચિટિયો ભરીને... ચાંચ મારીને ઉડવાનું શીખવે છે. માતા જયારે પાંચ-છ વર્ષના બાળકને તિલક કરીને નિશાળે જાય છે ત્યારે તેનું હૈયું હસતુ હોય છે. બાળકને નિશાળમાં એકલું રહેવું પડશે પોતાને બાળક વિના એકલુ ઘરે રહેવું પડશે તેથી તેની આંખમાં આંસુ હોય છે. બાળકનો હાથ શિક્ષકના હાથમાં સોંપતા માતાનું હૈયુ પોકારે છે. મારા સંતાનને જે શીખવવું જરૂરી હોય તે શીખવજો. મારા બાળકને માતૃભાષા શીખવજો. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ઇતિહાસ, ભૂગોળ શીખવજો. મારા બાળકને જીવવા માટે જે જરૂરી હોય તે શીખવજો.



બંનેની વાત બાળક માટે સમાજ માટે બહુ જ મહત્વની છે. શિક્ષક બાળકની રસ-ઋચિ મુજબ શીખવે તો બાળક વધુ હોશિયાર બને. માતા કહે છે જે જરૂરી હોય તે શીખવજો. તેથી બાળકને જીવનમાં શીખેલું ઉપયોગી બને. શીખવવું જરૂરી છે.

શીખવું જેટલું જરૂરી છે તેનાથી વધુ મહત્વનું કાર્ય માતા શિક્ષકે કરવાનું છે. એ બાબતમાં બંને કદી કશું વિચારતા નથી. શીખવવાના કાર્ય કરતા વધુ મહત્વનું કાર્ય છે. બાળકની ઇચ્છાઓ જગાડવી. માતા-શિક્ષકે બાળકની ઇચ્છાને જગાડવી. બાળકને પ્રેરણા આપવી. મા જ્યારે બાળકમાં ભણવાની ઇચ્છા જગાડે છે ત્યારે બાળકને મહત્વકાંક્ષી બનાવે છે ત્યારે બાળકનાં જીવન ઘડતરનું બીજ રોપાય છે.

શૈશવની વિદાયની પળે..., કિશોર અવસ્થાના આરંભે અને યૌવનના પગલાં પાડતી વખતે જો માતા-પિતા-શિક્ષક બાળકની ઇચ્છાઓને ઘડે. બાળકને સમજાવી શકે. સમાજને સારા ડોકટરની જરૂરી હોય છે. સારો ડોકટર થા. સારા એન્જિનિયરની જરૂરી છે. સારો એન્જિનિયર થા. સારા વૈજ્ઞાનિક જરૂર છે સારો વૈજ્ઞાનિક થા. સારા નાગરિકનીજરૂર છે. સારા નાગરિક થા. સારા નેતાની જરૂર છે સારો નેતા થા. બાળકની ઇચ્છા પ્રગટાવતા કહો તું શકિતશાળી છો, બુદ્ધિશાળી છો, હોંશિયાર છો તું ઇચ્છીશ તો મહેનત કરીશ તો તું ડોકટર થઇ શકીશ એન્જિનિયર થયી શકીશ. વૈજ્ઞાનિક થઇ શકીશ. આદર્શ નાગરિક થઇ શકીશ. દીર્ઘદૃષ્ટા નેતા આગેવાન થઇ શકીશ તારે ઇચ્છા કરવી પડશે, તારે લક્ષ્ય પસંદ કરવું પડશે તારે મહેનત કરવી પડશે. અભ્યાસ કરવો પડશે જો તું આળસ નહીં કરે, બહાનાં નહીં શોધે, થાકશે નહીં, પ્રયત્ન પુરૂષાર્થ કરતો રહેશે તો તું તારા સપના સારા કરી શકશે.


નિશાન ચૂક માફ... નહી નિચું નિશાન. આ વાત બાળકને માતા પિતા અને ગુરૂએ સમજાવવી જરૂરી છે. બાળકની ઇચ્છાઓ જગાડતા કહો - બીજ જે ધરતીના ખોળે દટાતાં ન ડર્યા એ જ ખીલ્યાં એ જ ફૂલ્યાં. તેથી માતાએ-ગુરૂઓએ બાળકની ઇચ્છાઓ જગાડવી જેતી સમાજને ઉમદા ડોકટર, વૈજ્ઞાનિક, ઉદ્યોગપતિ, એન્જિનિયર, શિક્ષકો, સૈનિકો અને સેનાપતિઓ મળતા રહે.

### અને છેલ્લે...

બાળકનું ધ્યાન રાખજો. બાળક પર ભણતરનો ભાર. બહુ વધી ન જાય તે અવશ્ય જોજો. બાળકને ભણાવજો પણ તેનું શૈશવ ખૂંચવી ન લેતાં તેને રમવા દેજો


માછલીને કોઇ તરવાનું શીખવતું નથી, પણ તે તરવાનું શીખી લે છે, પંખીને કોઇ ઉડવાનું શીખવતું નથી પણ ઉડવાનું શીખી લે છે. તેમ બાળકને 'માનવ' થવાની ઇચ્છા થવાનું શીખવજો એટલે તે ઘરનાં આંગણેથી ક્ષિતિજ સુધી ચાલવાનું શીખી લેશે.

બાળકમાં ભગવાન વસે છે. તેની ઇચ્છા જગાડવી એ બાળ ભગવાનની પુજા છે.




# દિવ્યાંગ પિલોજપરા કમ્પ્યુટરમાં ઈજનેર બન્યો : હવે ઉચ્ચ અભ્યાસાર્થે કેનેડા જશે





અમદાવાદની સંસ્થા વિશ્વકર્મા પ્રગતિ મંડળના પ્રમુખ અને સિવિલ અને ફર્નીચર કોન્ટ્રાકટર ચેતનભાઇ પિલોજપરા અને ઇંદુમતીબેન પિલોજપરાના પુત્ર દિવ્યાંગએ કમ્પ્યુટરમાં બેચલર ડિગ્રી પ્રાપ્ત કરી છે અને હવે માસ્ટર ડિગ્રી મેળવવા કેનેડામાં એડમીશન લઇ લીધું છે અને કમ્પ્યુટર ક્ષેત્રે ઉચ્ચ ડીગ્રી મેળવવા જાન્યુઆરીમાં કેનેડા જશે.


દિવ્યાંગ શિક્ષણમાં શરૂઆતથી જ તેજસ્વીતા દાખવતા આવ્યો છે. દીવાન બલુભાઇ હાઇસ્કુલમાંથી એચએસસી સુધીનો અભ્યાસ કરી ઉચ્ચ ગુણ મેળવ્યા અને તેને કમ્પ્યુટર ક્ષેત્રે આગળ વધવુ હોવાથી શાલ કોલેજમાં એડમીશન લઇ કમ્પ્યુટર એન્જિનિયરીંગમાં બી.ઇ.ની ડીગ્રી હાંસલ કરી. દિવ્યાંગની ઇચ્છા કમ્પ્યુટર એન્જિનિયરીંગમાં માસ્ટર ડિગ્રી મેળવવાની હોવાથી પિતા ચેતનકુમાર અને માતા ઇંદુમતીબહેને તેમને પ્રોત્સાહન આપ્યું અને દિવ્યાંગે મહેનત કરીને ઉચ્ચ અભ્યાસ કરવા કેનેડાની નામાંકિત કોલેજમાં એડમીશન લઇ લીધું છે. કેનેડામાં જાન્યુઆરીથી કોલેજમાં શિક્ષણ શરૂ થઇ રહયુ હોવાથી દિવ્યાંગે ઓનલાઇન અભ્યાસ શરૂ કરી દીધા બાદ જાન્યુઆરીથી પ્રત્યક્ષ શિક્ષણ મેળવવા જાન્યુઆરીમાં કેનેડા જશે.

ચેતનભાઇ પિલોજપરા અમદાવાદમાં જાણીતા કોન્ટ્રાકટર છે. અને સિવિલ અને ફર્નીચર સહિતના ક્ષેત્રમાં તેમનું નામ છે. સાથોસાથ ચેતનભાઇ સમાજ સેવા પ્રત્યે પણ વર્ષોથી સક્રિય છે અને હાલ વિશ્વકર્મા પ્રગતિ મંડળમાં પ્રમુખ છે આવા ચેતનભાઇનો પુત્ર દિવ્યાંગ કેનેડા જઇ કમ્પ્યુટર ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી કમ્પ્યુટર ક્ષેત્રે ઉચ્ચતમ શિખરો પ્રાપ્ત કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.



# રાજકોટની રોશની વડગામાને આઇએએસ ઓફીસર બનવુ છે

રાજકોટના પુનિતનગરમાં રહેતા અને એકાઉન્ટીંગનું કામકાજ કરતા મહેશભાઇ અને જયોતિબેન વડગામા કે જે આર્ટસ ગ્રેજયુએટ છે તેની પુત્રી રોશનીએ એસએસસીમાં ૯૧.૭૩ પીઆર મેળવી વડગામા પરિવારનું નામ રોશન કર્યું છે. રોશની પિતાના વ્યવસાય ક્ષેત્રે એટલે કે એકાઉન્ટીંગ અને ટેક્ષેસસન ક્ષેત્રે આગળ વધવુ હોવાથી રમેશભાઇ છાયા હાઇસ્કુલમાં પ્રવેશ મેળવ્યો છે. કોમર્સ ગ્રેજયુએટ થવાની સાથે આઇપીએસસી-યુપીએસસીની પરીક્ષાઓ આપીને આઇએએસ ઓફીસર બનવાનું લક્ષ્ય રોશનીએ સેવ્યું છે. ત્યારે રોશની આઇએએસ બનવાનું લક્ષ્ય સિદ્ધ કરી અને પરિવાર અને સમાજનું નામ રોશન કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.



# મુંબઇની નાઇશા ઉમરાડીયાને એશીયા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન

## દેશ-વિદેશના સ્પર્ધકો વચ્ચે ૧૦ મિનિટમાં રૂબિક કયુબ્સ સોલ કર્યો

મુંબઇ બોરીવલીમાં રહેતા અને રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં સીનીયર મેનેજર તરીકે ફરજ બજાવતા મયુર કિરણભાઇ ઉમરાડીયા અને શ્રુતિ ઉમરાડીયાની આઠ જ વર્ષની અને મુંબઇની સેંટ ફ્રાન્સીસ સ્કુલમાં થર્ડ સ્ટાન્ડર્ડમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી દીકરી નાઇશાએ નાની વયે એશિયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન પામવાની મોટી સિદ્ધિ હાંસલ કરી અને સમાજનું ગૌરવ વધાર્યું છે.




તાજેતરમાં એશીયા બુક ઓફ રેકોર્ડસ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાએ રૂબિક કયુબ્સ સોલ્વ કરવાની ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઇવેન્ટમાં ભારત સહિત વિવિધ દેશોના ૪૪૧ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.આ ઇવેન્ટમાં ૪૪૧ લોકોએ એક સાથે ડીઝીટલ પ્લેટફોર્મ પર રૂબિક કયુબ્સના ત્રણ વેરીયન્ટ (થ્રી બાય થ્રી) ટુ બાય ટુ અને પીરામીડ આ ઇવેન્ટમાં માત્ર ૧૦ મિનિટમાં નાઇશાએ રૂબિક કયુબ્સ સોલ કરી દીધા હતા અને વિક્રમ સ્થાપ્યો હતો તેથી આ ઐતિહાસિક ઇવેન્ટમાં આવા સુંદર પ્રદર્શન નાઇશાની પસંદગી કરી તેમને એશિયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન આપી એશીયા બુક ઓફ રેકોર્ડસ તરફથી મેડલ અને સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા છે.

નાઇશા નામની આ લીટલ કયુબ માસ્ટરને પાંચ પ્રકારના કયુબ્સ આવડે છે. નાઇશાના માતા શ્રુતિ ઉમરાડીયા(રાજકોટના નવીનભાઇ ત્રેટીયાના પુત્રી) વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે. નાઇશાનું લક્ષ્ય ૨૫ પ્રકારના કયુબ સોલ્વ કરી શકાય તેટલુ શીખવાનું છે. આ ગેમથી તેની એકાગ્રતા, ચપળતા અને બ્રેઇનની શાર્પનેસમાં ઘણો વધારો થયો છે. અમારા માટે તે ઓકયુમાય રહે, સ્ક્રીન ટાઇમ ઓછો થાય અને તેના બ્રેઇનનો પણ વિકાસ થાય એ ત્રણ કામ એક સાથે પાર પડયા છે અને તેની અમને બમણી ખુશી છે.

નાઇશાના દાદા કિરણભાઇ પેઇન્ટીંગમાં ખુબ નિષ્ણાંત હતા. પાંદડા પર અવનવા ચિત્રો બનાવવામાં તેની તોલે કોઇ ન આવતું. નાઇશાએ પણ જાણે કે દાદાનો વારસો જાળવવો હોય તેમ અત્યારથી જ ડ્રોઇંગમાં પણ સારો હાથ બેસાડતી થઇ છે. તે શોખથી વિવિધ એક એકથી ચડીયાતા ડ્રોઇંગ બનાવે છે. નાઇશાને સ્કેટીંગનો પણ ભારે શોખ છે.

નાઇશાએ નાની ઉંમરમાં એશીયા બુક ઓફ રેકર્ડમાં સ્થાન મેળવી ફકત વિશ્વકર્મા સમાજ જ નહીં સમગ્ર ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.

નાઇશા ઉત્તરોત્તર નવા શીખરો સર કરે તેવી 'વિશ્વકર્મા વિશ્વ' પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા.



# અમદાવાદના વ્રજ સુથારનું પાયલોટ બનવાનું લક્ષ્ય


અમદાવાદમાં રહેતા અને કારપેન્ટરનું કામ કરતા મીનેશકુમાર સુથાર અને મનીષાબેનના પુત્ર વ્રજએ કપડવંજની એકલવ્ય હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૫.૫૩ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે.

અમદાવાદમાં મહાદેવનગરમાં રબારી કોલોનીમાં રહેતા મીનેષકુમાર સુથારના પુત્ર વ્રજએ પાયલોટ થવાનું લક્ષ્ય રાખ્યું છે અને એટલા માટે સાયન્સમાં આગળનો અભ્યાસ કરવા અમદાવાદના સીટીએમ પાસે આવેલા પુજા વિદ્યાલયમાં પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો છે. વ્રજનું પાયલોટ બનવાનું લક્ષ્ય સિદ્ધ થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા.



# મુંબઇ હીનલ ભેંસાણીયા આર્કીટેક બની

• પ્રવીણ ગજ્જર





મુંબઇમાં કાંદીવલી ઇસ્ટમાં રહેતા અને સોલ ક્રાફટના નામથી ઔદ્યોગિક એકમ ધરાવતા ભરતભાઇ છગનભાઇ ભેંસાણીયા અને યોગીતાબેનની પુત્રી હીનલે આર્કીટેક બનવાની સિદ્ધિ પ્રાપ્ત કરીને સમાજમાં ગૌરવ વધાર્યું છે. મુંબઇ યુનિવર્સિટીમાં CGPA 9.5/10 સાથે પોતાની કોલેજમાં પ્રથમ નંબરે આ સિદ્ધિ પ્રાપ્ત કરવાની સાથોસાથ યુનિવર્સિટીમાં એક્ટર્નલ જ્યુરીમાં પણ પ્રથમ આવીને પોતાની સિદ્ધિમાં ઉમેરો કર્યો છે. હીનલની આ સિદ્ધિને મુંબઇનું વિશ્વકર્મા બાગના ભૂતપૂર્વ પ્રમુખ પંકજભાઇ ભેંસાણીયા સહિતના આગેવાનોએ બિરદાવી અભિનંદન આપ્યા.

હીનલે એસએસસીમાં ૯૩ ટકા અને એચએસસીમાં ૯૦ ટકા જેવા ઉચ્ચ ગુણ મેળવ્યા હતા. તેમનું આર્કીટેક બનવાનું લક્ષ્ય હતું. અને આ લક્ષ્ય સિદ્ધ કરવા તે મુંબઇની એલ.એસ.રાહેજા કોલેજમાં દાખલ થઇ અને આર્કીટેકની ડિગ્રી મેળવી છે. આર્કીટેકના ૪થા વર્ષમા ૬ મહિનાની ઇન્ટરશીપ તેણે અમદાવાદની ઇ.ડી. આર્કીટેકટ નામની પ્રખ્યાત આર્કીટેકટ ફર્મમાં કરી. ઇન્ટર્નશીપ દરમ્યાન બહુમાળી ઇમારતોના તેમણે બનાવેલ પ્રોજેકટની સરાહના થઇ હતી. હીનલ આર્કીટેક થયા બાદ હવે વિદેશ જઇને આર્કીટેક ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરવાનું આયોજન કરી રહેલ છે.

હીનલના પિતા ભરતભાઇ ભેંસાણીયા ઉદ્યોગપતિ છે. મુંબઇમાં સેલક્રાફટ એન્જિનિયરીંગ નામના ઔદ્યોગિક એકમમાં તેઓ બ્રેઝ નામથી સોલ્ડરીંગ આર્યન (રેણીયા)નું ઉત્પાદન કરે છે. હીનલના માતા યોગીતાબેને પણ ઇન્ટીરીયર ડેકોરેશનમાં ગ્રેજયુએશન કર્યું છે. માતા-પિતાએ તેમના પુત્ર હર્ષને પણ ઉચ્ચ શિક્ષણ આપ્યું છે. હર્ષ મીકેનીકલ ઇજનેર બની હાલમાં કેનેડામાં એન્જિનીયરીંગમાં માસ્ટર ડિગ્રી મેળવવા અભ્યાસ કરી રહયો છે.

હીનલ મુંબઇ વિશ્વકર્મા બાગના પૂર્વ પ્રમુખ અને સમાજના અગ્રણી એવા પંકજભાઇ ભેંસાણીયાની ભત્રીજી થાય છે.


આર્કીટેક બની સમાજમાં પરિવારનું નામ રોશન કરનાર હીનલને વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી અભિનંદન અને આર્કીટેક ક્ષેત્ર હજુ વધુ ઉચ્ચ શિક્ષણ મેળવવામાં તેમનું લક્ષ્યાંક સિદ્ધ થાય તેવી શુભેચ્છા...

# રાજકોટની યશ્વી વઘાડીયાને તબિબિ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરવો છે



રાજકોટના કાલાવડ રોડ પર હાઉસીંગ બોર્ડમાં રહેતા રૂપેશભાઇ અને દિવ્યાબેન વઘાડીયાની પુત્રી યશ્વી વઘાડીયાએ એસએસસીમાં ૯૬.૪૭ પીઆર મેળવી અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી વઘાડીયા પરિવારનું સમાજમાં ગૌરવ વધાર્યું છે. ભકિતનગર સ્ટેશન પ્લોટમાં સ્ટાર ક્રેક ઇલેકટ્રોનીકસના નામથી વ્યવસાય કરતા રૂપેશભાઇએ એચએસસી કરી આઇટીઆઇ કર્યું છે. જયારે તેમના પત્ની દિવ્યાબેન પણ ઉચ્ચ શિક્ષિત છે. અને બીબીએ/બીસીએ કર્યું છે. યશ્વીની ઇચ્છા મેડીકલ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષિત બનવાની છે. ધોળકીયા સ્કુલમાંથી એસએસસી કર્યા બાદ આજ સ્કુલમાં સાયન્સમાં આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. યશ્વી તબીબી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી ડોકટર બનવાનું લક્ષ્ય સિદ્ધ કરવાનો યશ મેળવે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી શુભેચ્છા.

# અમદાવાદનો નીત્ય સુથાર ડોકટર બનશે



અમદાવાદમાં ચાંદલોડીયા વિસ્તારમાં રહેતા અને ફર્નીચરનું કામ કરતા અરવિંદભાઇ અને અલ્પાબેન સુથારના પુત્ર નીત્યએ અમદાવાદની ધનજીભાઇના કુવા પાસે આવેલ જ્ઞાન જયોત હાઇસ્કુલમાં અભ્યાસ કરીને એસએસસીમાં ૯૫.૭૫ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. નીત્યએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં ડોકટર બનવાનું પોતાનું ધ્યેય હોવાનું જણાવ્યું હતું. નીત્યએ આગળના અભ્યાસ માટે નિર્ણયનગરમાં આવેલ સ્વામીનારાયણ હાઇસ્કુલમાં ૧૧માં ધોરણમાં સાયન્સમાં પ્રવેશ મેળવી લઇ આગળનો અભ્યાસ શરૂ કર્યો છે.


નીત્ય અભ્યાસ ઉપરાંત નાનપણથી જ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં રસ દાખવી રહયો છે. નવા વાડજમાં આવેલ વિશ્વકર્મા બાગમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ ભાગ લે છે. સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા નીત્યને સારું પ્રોત્સાહન આપી રહયા છે. એકવખત સાંસ્કૃતિક કાર્યક્રમમાં નીત્યએ ડોકટરનું નાટક ભજવ્યું હતું. નીત્યએ નાટકમાં ડોકટરનો જે રોલ ભજવ્યો હતો તે હવે સાચા અર્થમાં ડોકટર બનવાનું લક્ષ્ય ધરાવે છે.



# ધોરાજીના ધાર્મીલ ગજજરને કમ્પ્યુટર ઇજનેર બનવું છે

ધોરાજીમાં ગોકુલનગરમાં રહેતા અને કોલેજ ચોકમાં આકાર સ્ટેશનરીના નામથી વેપાર કરતા કિશનભાઇ અને બીનાબેન ગજજરના પુત્ર ધાર્મીલે ધોરાજીની સાંદીપની હાઇસ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ૯૭.૫૯ પીઆર મેળવી સમાજમાં ગૌરવ વધાર્યું છે. ધર્મીલને કમ્પ્યુટર એન્જિનિયર થવું છે તેમણે આગળના અભ્યાસ માટે સાયન્સ પસંદ કરી રોયલ હાઇસ્કુલમાં એડમીશન લઇ આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ધાર્મીલ એચએસસીમાં પણ ઉચ્ચગુણ મેળવી એન્જિનિયરીંગ ક્ષેત્રમાં આગળનો અભ્યાસ કરી કમ્પ્યુટર ઇજનેર બને તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભકામના.

# બોટાદના આર્યન વડગામાને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવું છે



બોટાદમાં રહેતા અને એકાઉન્ટન્ટનો વ્યવસાય કરતા પંકજભાઇ અને દક્ષાબેન વડગામાના પુત્ર આર્યનએ એસએસસીમાં ૯૩.૫૩ પીઆર મેળવી સમાજમાં નામ રોશન કર્યું છે.

બોટાદમાં પાળીયાદ રોડ પર રહેતા પંકજભાઇ કોમર્સ ગ્રેજયુએટ છે અને તેનો પુત્ર આર્યન પણ કોમર્સ ગ્રેજયુએટ થઇને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવાનું લક્ષ્ય સિદ્ધ કરવું છે. ક્રિકેટના શોખીન આર્યનનું સી.એ. બનવાનું લક્ષ્ય સિદ્ધ થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા...

# મોરબીના નકુલ ધ્રાંગધરિયાને ફાર્મા ક્ષેત્રે આગળ વધવુ છે




મોરબીના હિતેશભાઇ અને મીનાબેન ધ્રાંગધરિયાના પુત્ર નકુલે એસએસસીમાં ૯૩.૩૯ પીઆર મેળવી ધ્રાંગધરીયા પરિવારનું અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

મોરબીમાં ૫/૬ લાતી પ્લોટમાં વિશ્વકર્મા એન્જિનિયરીંગ વર્કસના નામથી ઔદ્યોગિક એકમ ધરાવતા હિતેશભાઇના પુત્ર નકુલે સાયન્સમાં આગળના અભ્યાસ માટે પ્રવેશ મેળવી લીધું છે. નકુલની ઇચ્છા ડી.ફાર્મ કરવું છે. અને ફાર્મા ક્ષેત્રે આગળ વધવું છે. નકુલ ફાર્મા ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ કરી તેમનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા...

# ધ્રુવીન જાદવાણીને ઇજનેરી ક્ષેત્રમાં આગળ વધવું છે

હળવદ તાલુકામાં દેવીપુર જેવા નાનકડા ગામડામાં રહેતા ધ્રુવીન જાદવાણીએ એસએસસીમાં ૯૧.૨૯ પીઆર મેળવી પોતાન ગામનું અને સમાજમાં જાદવાણી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

ચરાડવા ગામમાં વિશ્વકર્મા રીવાઇંડીંગના નામથી મોટર રીવાઇન્ડીંગ અને મોટર રીપેરીંગનું કામ કરતા ભરતભાઇ અને સેજલબેનના પુત્રે એસએસસીમાં આવી સિદ્ધિ હાંસલ કરી તે માટે



ગૌરવની લાગણી અનુભવવાની સાથે ધ્રુવીન ઉચ્ચ શિક્ષણ મેળવે તે માટે તેમને સતત શૈક્ષણિક પ્રોત્સાહન આપે છે. ધ્રુવીન એન્જિનિયરિંગ ક્ષેત્ર આગળ વધવાની સોથ ઇજનેરી ક્ષેત્રમાં કુશળતા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય સેવી રહયો છે. તેમનું આ લક્ષ્ય સિદ્ધ થાય તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી શુભેચ્છા...

# ભરતભાઇ છત્રાલીયાના પુત્ર જૈનીલને ઇજનેર બનવું છે



રાજકોટના મવડી વિસ્તારમાં આવેલ ઉદયનગરમાં રહેતા અને કારખાનામાં કામ કરતા ભરતભાઇ અને પુનમબેન છત્રાલીયાના પુત્ર જૈનીલ છત્રાલીયાએ અંકુર વિદ્યાલયમાં અભ્યાસ કરી ૯૬.૮૪ પીઆર મેળવ્યા છે. જૈનીલની ઇચ્છા કમ્પ્યુટરમાં ડીપ્લોમા ઇજનેર બનવું છે. આ માટે ઇજનેરી કોલેજમાં પ્રવેશ મેળવવાની કાર્યવાહી ચાલુ છે. કારખાનામાં કામ કરતા ભરતભાઇ તેના બંને પુત્રોને ઉચ્ચ શિક્ષણ આપવા તનતોડ મહેનત કરી રહયા છે. ભરતભાઇનો મોટો પુત્ર સોહન છત્રાલીયા હાલ મીકેનીકલ ઇજનેરીમાં અભ્યાસ કરી રહયો છે. કારખાનામાં કામ કરનારના બંને પુત્રો ઇજનેર બને અને સારી કારકિર્દી ઘડે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની હાર્દિક શુભેચ્છા.

# સરલીયા(ધારી)ની નીરાલી કોમર્સ ગ્રેજયુએટ થશે

અમરેલી જીલ્લાના ધારીગામ પાસે આવેલ સરલીયા ગામે રહેતા અને ધારીમાં શ્રી રામ ફર્નીચરના નામે શોરૂમ અને કારખાનું ધરાવતા પ્રફુલકુમાર બકરાણિયા અને ગ્રેજયુએટ એવા હીનાબેન બકરાણિયાની પુત્રી નીરાલીએ એસએસસીમાં ૯૩ પીઆર મેળવી નાના એવા સરલીયા ગામનું સમાજમાં ગૌરવ વધાર્યું છે.


નીરાલીએ વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં




કહયું કે, કોમર્સ ગ્રેજયુએટનો આગળનો અભ્યાસ શરૂ કરી દીધો છે અને જીપીએસસીની પરીક્ષાઓ આપવા માટે તૈયારીના ભાગરૂપે જીપીએસસીના ટયુશન કલાસ પણ શરૂ કરી દીધા છે. કોમર્સ ગ્રેજયુએટ થઇ જીપીએસસીની પરીક્ષામાં તેજસ્વીતાથી પાસ કરવાની શ્રદ્ધા પણ તેમણે વ્યકત કરી હતી. નીરાલી તેનું લક્ષ્ય સિદ્ધ કરી તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છા...

# મોટી પાનેલીના ગુંજન પંચાસરા કમ્પ્યુટર ઇજનેર બનવા માંગે છે

ઉપલેટા તાલુકાના મોટી પાનેલી ગામમાં વસવાટ કરતા અને ફર્નીચરનું સુતારી કામ કરતા નીલેશભાઇ અને આરતીબેન પંચાસરાના પુત્ર ગુંજનએ એસએસસીમાં ૯૩ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. તે ભાયાવદરની સ્વામીનારાયણ ગુરૂકુળમાં અભ્યાસ કરીને મેળવી છે. ગુંજને આગળના અભ્યાસ માટે વી.પી. ઘેટીયા હાઇસ્કુલ



પસંદ કરીને એડમીશન મેળવ્યું છે. ગુંજનની ઇચ્છા કમ્પ્યુટર ઇજનેર બનવાની છે અને વી.પી. ઘેટીયા હાઇસ્કુલમાં એ ગ્રુપ રાખીને ૧૧માં ધોરણમાં પ્રવેશ મેળવી અભ્યાસ શરૂ કર્યો છે. ગુંજનની કમ્પ્યુટર ઇજનેર બનવાની ઇચ્છા સફળતા પૂર્વક પાર પાડે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવાર વતી શુભેચ્છા.




# રંઘોળાની નેન્સી આહલપરાને એન્જિનિયર બનવુ છે

ભાવનગર પાસેના રંઘોળા ગામે રહેતા રમણીકભાઇ અને જયોત્સનાબેનન પુત્રી નેન્સીએ એસએસસીમાં ૯૦.૬૭ પીઆર મેળવી આહલપરા પરિવારનું અને ગજજર સમાજનું ગૌરવ વધાર્યુ છે.

ફર્નીચરના વ્યવસાય સાથે સંકડાયેલ રમણીકભાઇની પુત્રી નેન્સી ભણવામાં હોશિંયાર છે. આગળના અભ્યાસ માટે નેન્સીએ કોમર્સ લીધું છે. એન્જિનિયરીંગમાં ઉચ્ચ અભ્યાસ કરી એન્જિનિયરિંગ ક્ષેત્રે કારકિર્દી ઘડવાની ઇચ્છા નેન્સીએ વ્યકત કરી છે. નેન્સી તેનું લક્ષ્ય સિદ્ધ કરે તેવી વિશ્વકર્મા વિશ્વ પરિવારની હાર્દિક શુભેચ્છા...

# બોટાદના મીત ગજજરે રમત ગમતમાં નામ કાઢયુ છે



બોટાદમાં પીજીવીસીએલમાં ફરજ બજાવતા ભરતભાઇ ગજજરનો સેંટ ઝેવીયર્સ સ્કુલમાં અભ્યાસ કરતો પુત્ર મીત ક્રિકેટ, રોલર સ્કેટીંગ જેવી રમતોમાં ખુબ જ સારો દેખાવ કરી રહયો છે. તાજેતરમાં બોટાદ ખાતે રમાઇ ગયેલ અન્ડર-૧૪ રાજકોટ રૂરલ(જેતપુર) અને બોટાદ સમરસ એકેડમી વચ્ચેની ૩ મેચની સીરીઝમાં બોટાદનો વિજય થયો. જેમાં મીત ગજજર મેન ઓફ ધ મેચ જાહેર થયો હતો. મીત ગજજરે ઓપન ગુજરાત નેશનલ રોલર સ્કેટીંગ ટુર્નામેન્ટમાં (૨૦૧૯) પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પણ પ્રાપ્ત કર્યો હતો. તેમણે કુલ ૩ ગોલ્ડ મેડલ અને એક સીલ્વર મેડલ મળ્યો છે.

# મીત ભાવીન કથ્રેચાને ઇજનેર થવું છે



રાજકોટના ગોંડલ રોડ પર જયંત કે.જી. રોડ પર રામ-શ્યામ એપાર્ટમેન્ટમાં રહેતા અને માર્કેટીંગનું કામ કરતા અને સાથોસાથ સાહિત્યનું સર્જન કરતા રહેતા ભાવીન કથ્રેચા અને મીનાબેન કથ્રેચાના પુત્ર મીત કથ્રેચાએ એસએસસીમાં ૯૬.૦૭ પીઆર મેળવવાની સિદ્ધિ હાંસલ કરી છે. ધોળકીયા સ્કુલમાં અભ્યાસ કરી એસએસસીમાં ઉચ્ચ ગુણ મેળવ્યા બાદ કે.જી. ધોળકીયામાં ધો. ૧૧ સાયન્સમાં એડમીશન મેળવી આગળનો અભ્યાસ શરૂ કર્યો છે. ક્રિકેટનો શોખ ધરાવતા મીત કથ્રેચાને એન્જિનિયર થવું છે. મીત કથ્રેચા ઇજનેર બનવામાં સારી સફળતા મળે તેવી વિશ્વકર્મા વિશ્વ પરીવાર તરફથી હાર્દિક શુભેચ્છા.




Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઇડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો

Ramy Ads | Pravin Gajjar
+91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com



# ઇન્ડિયા બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન મેળવી ૧૨ વર્ષની રિદ્ધિએ મહેંદીમાં મેળવી મોટી સિદ્ધિ

આજથી છએક વર્ષ પહેલા જયભાઇ ઘોરેચાના પરિવારમાં શુભપ્રસંગ હતો. મંગલ ગીતોનો ગુંજારવ વાતાવરણમાં ઉલ્હાસ પ્રસરાવતો હતો. આપણા ગુજરાતી સમાજમાં મંગલ પ્રવેશ ઉજવાતો હોય અને મહેંદી મુકાતી ન હોય તેવું કેમ ના બને ? આવા ઉત્સવમય વાતાવરણમાં ભાવીશાબેન આવેલા મહેમાનોની દીકરીયુને મહેંદી મુકતા હતા. અવનવી ડીઝાઇનમાં મુકાતી મહેંદીને ભાવીશાબેનની ૭ વર્ષની ઢીંગલી જેવી બારીકાઇથી નિહાળી રહી. તેમણે પણ દીકરીને માતાજીની જેમ મહેંદી મુકવાની પ્રેરણા થઇ અને આવેલ દીકરીયુને મહેંદી પણ મુકી. માતાની મહેંદી મુકવાની કલા જોઇને પ્રેરણા પામેલી રિદ્ધિએ પણ મહેંદી મુકવાના શ્રી ગણેશ કર્યા.



આ વાતને ૭ વર્ષ વીતી ગયા પરંતુ આ સાત વર્ષનો રિદ્ધિએ મહેંદી મુકવાની કલાએ જબરૂ કાંઠુ કાઢયું છે. આ સાત વર્ષમાં મહેંદી મુકવાની કલા એટલી નીખરી છે કે ઇન્ડિયા બુક ઓફ રેકર્ડ સહિતની આંતરરાષ્ટ્રીય સંસ્થાએ પણ રિદ્ધિની કલાની નોંધ લઇને મેડલ અને પ્રસસ્તીપત્ર આપી બહુમાન કર્યુ છે. ૧૨ વર્ષને ઉંમરમાં જ આવડી મોટી સિદ્ધિ મેળવવી જેવી તેવી વાત નથી પરંતુ માતા ભાવીશાબેનની પ્રેરણા અને વિશ્વકર્મા પ્રભુજીએ આપેલ કલાનો વારસો ઉજાગર કરવાની ધગશે રિદ્ધિને નાનકડી ઉંમરે મોટુ કડુ સન્માન અપાવ્યું છે



રાજકોટના જામનગર રોડ પર એફસીઆઇ ગોડાઉન પાસે આવેલ અમી હાઇટસમાં રહેતા અને એર કન્ડીશન્ડ સેલ અને સર્વિસના વ્યવસાય સાથે સંકળાયેલા જયભાઇ ઘોરેચા અને ભાવિશાબેનની પુત્રી એવી સિદ્ધિ માત્ર ૧૨ વર્ષની છે. અને પોદાર ઇન્ટરનેશનલ સ્કુલમાં અંગ્રેજી માધ્યમમાં ૮માં ધોરણમાં અભ્યાસ કરે છે.

ભાવીશાબેન ઘોરેચા પોતે પણ વિવિધ કલા ઉજાગર કરતા રહેલા છે. ખાસ કરીને આર્ટ અને ક્રાફટમાં તેઓ માહેર છે. આણાની અથવા કે છાબ ડેકોરેશન જેવા કામમાં તેઓ કુશળ છે અને તેમની આ કલાની સારી એવી માંગ પણ છે. ભાવીશાબેન મહેંદી મુકવાની કલામાં પણ નિષ્ણાંત છે અને શુભ પ્રસંગોએ બહેનો-દીકરીયુએ મહેંદી મુકવાની કામગીરી પણ હોંશથી કરે છે. ભાવીશાબેનની મહેંદી મુકવાની આ કલા નાનકડી એવી ૧૨ વર્ષની રિદ્ધિએ પણ આત્મસાત કરી છે અને શુભ પ્રસંગોએ રિદ્ધિ પાસે મહેંદી મુકાવવાનું અનેક બહેનો પસંદ કરે છે. શુભપ્રસંગોએ માતાની સાથે રીદ્ધિ પણ મહેંદી મુકવા જાય છે. ભાવીશાબેને તો અગણ્ય બહેનોના હાથ મહેંદીથી સજાવ્યા છે. પરંતુ ૧૨ વર્ષની રિદ્ધિએ પણ અત્યાર સુધીમાં ૪૦ જેટલી બહેનોના હાથ મહેંદીથી દીપાવ્યા છે.

કોરોનાકાળમાં ઓનલાઇન સ્પર્ધાનું મહત્વ અને વ્યાપ વધ્યો અને આવી સ્પર્ધાઓમાં ભાગ લીધો. જેમાં ઇન્ડિયા બુક ઓફ રેકર્ડએ તાજેતરમાં મે મહિનામાં જ તેમને મેડલ અને પ્રસસ્તીપત્ર આપી સન્માન કર્યું. રિદ્ધિએ મહેંદી કલામાં ઇન્ટરનેશનલ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, વર્લ્ડ રેકોર્ડ ઓફ ઈન્ડિયા, હાઈરેન્જ વર્લ્ડ રેકર્ડમાં પણ પોતાનું નામ અંકિત કર્યું છે.

રીદ્ધિને માતાની જેમ આર્ટ અને ક્રાફટનો પણ શોખ છે. નવરાત્રિમાં પણ ભાગ લઇને દર વર્ષે પ્રિન્સેસ બનતી આવી છે. પુજા હોબી સેન્ટરની ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં પણ રિદ્ધિ ઇનામો મેળવી ચુકી છે.

ભાવીશાબેન ઘોરેચા વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીતમાં કહે છે, રિદ્ધિએ કોઇપણ જાતના કલાસીસ કર્યા વગર આવી સિદ્ધિ મેળવી છે. એચએસસીમાં ઉચ્ચ ગુણ મેળવી આર્કીટેક અથવા ફાઇન આર્ટમાં ઉચ્ચ અભ્યાસ કરીને કારકિર્દી ઘડવી છે. માત્ર ૧૨ વર્ષની રિદ્ધિ ઘોરેચાએ આવી સિદ્ધિ મેળવી વિશ્વકર્મા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

# માનસિક રોગી ક્યારેય નહિ સમજે પોતાનો રોગ...!

ડો. વિષ્ણુ પ્રજાપતિ

'હેત્વી તને માનસિક બિમારી છે..!' ડોક્ટરના મુખેથી આ વાત સાંભળતા જ હેત્વી વધુ ગભરાઇ ગઇ. ત્રીસ વર્ષની નાની ઉંમર, પરિવાર અને બાળકોની જવાબદારી હજુ શરૂ જ થઇ હતી અને તેને ચિત્ર વિચિત્ર પ્રકારની તકલીફો શરુ થવા લાગી હતી. રીપોર્ટસ બધા નોર્મલ આવતા હતા પણ તેના રોગના લક્ષણો દુર થતાં નહોતા.

આ સમયે ડોક્ટરના માનસિક રોગના નિદાન પર તેને અને તેના પરિવારને શંકાઓ થવા લાગી. હજુ તો કોઇ ઉંમર છે માનસિક રોગ થવાની ? પૈસેટકે સુખી અને હર્યોભર્યો સુખી સંસાર, કોઇ વાતની કમી નહી અને માનસિક રોગ થાય ક્યાંથી ? તેના વિચાર સાથે તેઓ ડોક્ટરની કેબિનમાંથી બહાર નીકળી ગયાં.

પોતાને માનસિક રીતે બિમારી સમજવો ઘણું કપરું છે. જો કે મહામારી પછી આ પ્રકારના દર્દીમાં ધરખમ વધારો થયો છે. મનોરોગ સમજવો અને સ્વીકારવો ઘણો અઘરો છે. મનોરોગી કોણ છે તે સમજવા માટે પહેલા સ્વસ્થ વ્યક્તિની વ્યાખ્યા અને સ્વાસ્થ્ય વિશે કેટલીક મૂળભૂત વાત કરવી છે.



સ્વસ્થ વ્યક્તિ કોને કહેવો ? આ પ્રશ્નનો જવાબ જરા અટપટો તો છે જ. દરેક વ્યક્તિને એમ જ લાગે કે મારું સ્વાસ્થ્ય ઘણું સારું જ છે. ઘણાં ગર્વથી કહેતા હોય છે મારે તો ફક્ત ડાયાબિટીસ કે બીપી કે ફલાણો કે ઢીકણો રોગ છે બાકી બીજો કોઇ રોગ નથી. સંપૂર્ણ સ્વાસ્થ્યની પરીભાષા આયુર્વેદમાં હજારો વર્ષો પહેલા લખાઇ છે. ચરક સંહિતામાં સ્પષ્ટ લખ્યું છે કે,

સમદોષ સમાધાતુ સમાગ્નિશ્ચ મલક્રિયઃ ।
પ્રસન્નાત્મેંદ્રિયમનઃ સ્વસ્થ ઇત્યભિધીયતે ॥

અર્થાત શરીરના વાયુ, પિત્ત અને કફ ત્રણેય દોષ સમાન હોય, શરીરની સાતેય ધાતુઓ (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર ) સમપ્રમાણ હોય, શરીરની જઠરાગ્નિ અને ધાત્વાગ્નિ સમપ્રમાણ હોય, શરીરના ત્રણેય મળ (સ્વેદ, મૂત્ર અને પુરીષ)નું કાર્ય યથોચિત ચાલી રહ્યું હોય. તથા આત્મા ઇંદ્રિયો અને મન પ્રસન્ન હોય તો તે વ્યક્તિ સ્વસ્થ છે એમ કહી શકાય.

અહીં શરીર, મન અને આત્મા ત્રણેય સ્તરમાં સ્વાસ્થ્યનું મહત્વ દર્શાવાયું છે. આપણે ઇંદ્રિયોના સુખો સિવાય અન્ય કોઇ સુખને પ્રાધાન્ય આપતાં નથી તે સનાતન સત્ય છે. સુખી હોવું એટલે સમૃદ્ધિ, આનંદ અને જાહોજલાલીની દરેકના મનમાં ફિલોસોફી હોય છે. જે વ્યક્તિ પાસે પૈસો કે જાહોજલાલી છે તે સુખી છે તેવી માન્યતા આપણાં સૌમાં છે. આયુર્વેદમાં કે ભારતીય પુરાણોમાં તેને પર અને અપરભાવ કહે છે. પર ભાવને આપણે સ્થૂલ કે ભૌતિક સુખો તરીકે ઓળખીએ છીએ. આપણાં તમામ ભૌતિક સુખોને જ જીવનના આનંદનો શ્રેષ્ઠ રસ્તો માનીએ છીએ. જેમકે સ્થાવર મિલકતો, ઘર, બંગલો, કાર, મોબાઇલ, સારા કપડાં વગેરે પર ભાવ કહેવાય છે. પર ભાવ નજરો નજર જોઇ શકાય છે.


બીજા સુખ છે તેને અપરભાવ કહે છે. અપર ભાવ સૂક્ષ્મ છે અને તેનો ફક્ત અનુભવ જ કરી શકાય છે. ગયા લેખમાં મેં તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી કે સુખ કોઇ વસ્તુમાં નહી પણ તે વસ્તુ વિશે તમે કેવી રીતે વિચારો છો તેમાં છે. આપણા સૌનું અંતિમ લક્ષ્ય તો અપરભાવ જ છે પણ પર ભાવની અંદર એટલા રચ્યાપચ્યાં રહીએ છીએ કે હકીકત તો સાવ ભૂલી જ જઇએ છીએ. શાંતિ, આનંદ, સુખ, પ્રેમ, ઉત્સાહ, સંભાળ, સમજણ, વિશ્વાસ વગેરે અપરભાવ છે. અપરભાવનું મૂલ્ય પરભાવ કરતા અનેકગણું વધારે છે.

ભૌતિક સુખોને જ લક્ષ્ય બનાવીને આપણે મહદઅંશે જીવતા હોઇએ છીએ. આપણે શરીર સુખની સિમિત મર્યાદામાં જ જીવન વિતાવી દઇએ છીએ. શરીર સુખ એટલે શરીરની અગિયાર ઇંદ્રિયોની ઇચ્છા મહેચ્છા અને અભિલાષાને આધિન થઇ તેના નિયંત્રણમાં જ જીવનનું સાચું સુખ સમજીએ છીએ. ભૌતિક સુખોની લાલસા છેવટે કામમાં પરિવર્તે છે. 'કામ' એટલે મોહ, લોભ કે કર્મ પ્રત્યે સદૈવ ઇચ્છા થવી તેવો કરી શકાય. શરીર દ્વારા થતું કર્મ છેવટે કામમાં પરીણમે છે. કર્મથી જો ધર્મનું પાલન યોગ્ય રીતે ન થાય તો તે કર્મ કામ તરફ ફંટાય છે. કર્મ જે શરીરનો વિષય હતો તે પરિવર્તન થઇને કામ સ્વરુપે મનનો વિષય બની જાય છે. મનુષ્ય જ્યારે સંપૂર્ણ કામને આધિન બની જાય છે ત્યારે જો તે સફળ થાય તો તો તેમાંથી અહંકાર કે ઉત્સાહ જન્મે છે અને નિષ્ફળ જાય તો હતાશા કે નિરાશા જન્મે છે. અર્થાત શારીરિક દરેક કર્મની અસર મન પર થતી જ રહે છે. દરેક સુખ ભોગવ્યા પછી ક્યારેક મનની સ્થિતિનો તાગ લેવાનો પ્રયત્ન કરી જોજો. મન એ શરીર અને આત્મા વચ્ચે તાલમેલ જાળવી રાખતું અદ્રશ્ય પણ મહત્વનું અંગ છે.

મન સ્થૂળ નથી એટલે તેને અંગ કહેવું ઉચીત નથી પણ મનની અસરો શરીરના દરેક અંગો કરતા પણ અનેકગણી વધારે છે.

વ્યગ્રતા, ઉચાટ, હતાશા, નિરાશા, નકારાત્મક વિચારો આ બધા સમયે મન અને શરીરની ભૂમિકા પર થોડો વિચાર કરશો તો ખ્યાલ આવશે કે તેના પર શારીરિક કર્મની કેટલી બધી અહમ ભૂમિકા છે. તે રીતે આનંદ, ખુશી, હળવાશ, મોકળાશ કે શાંતિના અનુભવને પણ કર્મના ત્રાજવે તોલી જોશો તો ખ્યાલ આવશે કે સુખને દોરી લાવવા કર્મ અને મનનો તાલમેલ કેટલો જરૂરી છે.

ત્રિસ્તરીય સ્વાસ્થ્યસુખ માટે શરીર, મન અને આત્મા ત્રણેયનું સંતુલન આવશ્યક છે. શરીરને સુખ આપે તેવા કર્મો જો મન અને આત્માને દુ:ખી કરતા હોય તો તે કર્મ આગળ જતા તમને દુ:ખોની ગર્તામાં ધકેલી દેશે. આયુર્વેદમાં એટલે જ કહ્યું છે કે આત્મા, ઇંદ્રિય અને મનને પ્રસન્ન કરીને જ તમે સર્વાંગી સુખ કે શ્રેષ્ઠ સ્વાસ્થ્ય મેળવી શકશો.



અનેક ધર્મો ઇંદ્રિય દમન કરીને કે કરાવીને ધર્મ પાલન કરાવે છે તે પણ ઉચિત માર્ગ નથી. ઇંદ્રિય સંયમનો માર્ગ સર્વ શ્રેષ્ઠ છે. દમન કરતા સંયમના માર્ગે જે પણ ચાલ્યા છે તે અદભૂત સિધ્ધિને પામ્યા છે. આપણે મોક્ષ કે સિદ્ધિ સુધી ભલે ન પહોંચી શકીએ પણ સર્વોત્તમ સુખ સુધી તો અવશ્ય પહોંચી જ શકીએ છીએ.

શરીરના સ્વાસ્થ્યસુખ માટે ઉચિત આહાર વિહાર, ઋતુચર્યા, દિનચર્યાનું પાલન ખૂબ જ આવશ્યક છે. મનની પ્રસન્નતા માટે સદૈવ હકારાત્મક વિચારો, સદભાવના, સંવેદના, ક્ષમા, સત્ય, અહિંસા જેવા સદવૃતનું પાલન જરૂરી છે. આત્માની પ્રસન્નતા માટે આધ્યાત્મિક કર્મ, નિષ્કામ કર્મ, શ્રદ્ધા, વિશ્વાસ જેવા સદગુણોનું અનુસરણ કરતા રહેવું જરૂરી છે. આયુર્વેદ કહે છે કે મિથ્યા આહાર વિહાર અને વિચાર છેવટે આપણી બુધ્ધિને કુંઠીત કરી નાંખે છે અને પ્રજ્ઞાપરાધ જન્મે છે. આ પ્રજ્ઞાપરાધ એટલે મનોરોગની શરૂઆત.

અત્યારે સમાજમાં આ રીતે પ્રજ્ઞાપરાધને કારણે અસંખ્ય મનોરોગીઓ વધી રહ્યાં છે. પારિવારિક કલેશ, કારકિર્દીની નિષ્ફળતા, બીજા કરતા પોતાને મળેલા ઓછા સુખોની સદૈવ સરખામણી, વધુ પડતો સંવેદનશીલ સ્વભાવ, ભવિષ્ય વિશે સતત ચિંતાશીલ, મનની નિર્બળતા, પ્રજ્ઞાપરાધ, ઓજક્ષય, ધાતુક્ષય, લાંબી માંદગી, શારીરિક વેગો પ્રત્યે ઉદાસીનતા, અપેક્ષા કે ઉપેક્ષા, આંધળો વિશ્વાસ કે વિશ્વાસઘાત જેવા અનેક કારણોથી મનોરોગીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે.

શરીરના રોગોમાં તો સ્પષ્ટ લક્ષણો દેખાય છે. જેમકે તાવ આવવો, માથું કે શરીર દુ:ખવું, બળતરા થવી, પેટમાં ગરબડ જેવા અનેક લક્ષણો કહી આપે છે કે આપણને શરીરના રોગો થયા છે પણ મનના રોગોના લક્ષણો એકદમ સ્પષ્ટ હોતા નથી. અનેક મનોરોગી સમજી પણ નથી શકતા કે ખરેખર મને મનોરોગ છે. મનોરોગને સમજવો અને સ્વીકરવો સહજ તો નથી જ. આપણાં સમાજમાં કોઇને કહીએ કે તેને માનસિક બિમારી છે તો તેના પર લોકો હસતાં પણ હોય છે.

આપણા શરીર કરતા આપણાં મનનો વ્યાપ અનેકગણો વિશાળ છે. આપણે શરીરને રોજ તેની જરુરિયાત પ્રમાણે ભોજન આપીએ છીએ એ પ્રમાણે મનને પણ સૂક્ષ્મ ભાવોની જરુર રહેતી હોય છે. મનનું પોષણ આપણાં વિચારો છે. વિચારો જેટલા ફળદ્રુપ તેટલું જ આપણું મન ફળદ્રુપ બનતું રહે છે. વિચારોરૂપી કચરો શરીરમાં ઠાલવતા રહીશું તો ક્યારે મનોરોગી બની જઇશું તેનો ખ્યાલ પણ નહી રહે. મનોરોગીને ઓળખવો ખૂબ સહેલો પણ છે અને અઘરો પણ...! ડીપ્રેસીવ કે ઓવર થિંકર ઘણાં લોકો પોતે માનસિક રોગના શિકાર બની ગયા હોય છે તે સ્વીકારવા તૈયાર પણ નથી હોતા. ડોક્ટર કહે કે તમને માનસિક બિમારી છે તો તે ડોક્ટર બદલી નાંખતા હોય છે. પ્રસન્ન મનને જાણવા માટે તેની અપ્રસન્નતા જાણી લઇએ તો મનોરોગનો તાગ મળે છે. આયુર્વેદમાં ઘણાંબધા માનસરોગોનું વર્ણન છે. રજ અને તમ દોષ વધવાથી મનોરોગ થાય છે.

મનોરોગને ઓળખવા કેટલાક સામાન્ય લક્ષણો જાણવા જોઇએ, જેમકે –

– અસામાન્ય વિચારો – માનસિક રોગોની શરૂઆત અસામાન્ય વિચારોથી થતી હોય છે. નકારાત્મક, નિરાશાજનક કે વિકૃત વિચારો તેના શરૂઆતમાં થતાં જોવા મળે છે. વ્યક્તિ સ્વકેન્દ્રી બની જાય છે. કોઇ મારી સંભાળ કરતું નથી કરતા કે કોઇને મારી કાંઇ જ પડી નથી તેવા વિચારો સતત ચાલુ રહે છે.

– ભ્રમણા – ભ્રમ માનસિક રોગનું એક અનન્ય લક્ષણ છે. માનસિક રોગી ડરેલો, દુર્બળ, મનથી સતત ઉચાટમાં રહેતો, વ્યથિત અને એકલવાયો બની જાય છે. કોઇ એક નિર્ણય કરવાની તેની ક્ષમતા ઓછી થાય છે. શક, ઇર્ષ્યા કે હતાશા વધુ ઝડપથી આવે છે.

– સંવેદનશીલ – માનસિક રોગી વધુ પડતો સેંસેટીવ બની જતો હોય છે. સમાજની બનતી સંવેદનશીલ નાની ઘટના પણ તેના મનને વધુ ઘેરી અસર કરવા લાગે છે. કોઇ તેને સહેજપણ ટકોર કરે તો તરત જ લાગી આવે છે.

– અસમંજસ સ્થિતિ – માનસિક રોગીના શારીરિક લક્ષણો સતત બદલાયા કરતા હોય છે. પેટનો દુ:ખાવો, માથાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, ઉંઘ જતી રહેવી, ભૂખ ન લાગવી, સ્મરણ શક્તિ ઓછી થવી, ભૂખ મરી જવી, વજન ઓછું થવા લાગવું જ જેવી અનેક ફરીયાદો તેને સતત ચાલુ જ રહેતી હોય છે.

– એકલતા – માનસિક દર્દીને એકલતા વધુ ગમવા લાગે છે. પોતાના શોખ પ્રત્યે અરૂચિ પણ થવા લાગે છે.

મનોરોગીમાં આ સિવાય પણ અનેક લક્ષણો છે. મનોરોગના કેટલાય પ્રકારો છે. તેની ચર્ચા પછી કરીશું પણ અગત્યની વાત એ છે કે જિંદગીને જાણવા અને માણવા માટે તેના ત્રણેય પીલ્લર, આત્મા, મન અને શરીરનું સંતુલન જાળવવું જરૂરી છે. મનોરોગ લાગે તો તેનો ઝડપી ઉપચાર અને મનોબળ વધે તેવી જીવનશૈલી તરત જ અમલમાં મુકી દેવી જોઇએ.

# પૈસો એજ પરમેશ્વર ?

**અનિલ ખારેચા**

રાજ કુન્દ્રાનુ રાજ ખુલ્લી જતા હવે તેને ''નારાજ કુન્દ્રા'' કહી શકાય. જોકે નારાજ તો બિચારા શિલ્પા ભાભી હશે કે તેની જાણ બહાર રાજ એવી ફીલ્મો બનાવી રહ્યો હતો કે જે પરિવાર સાથે ન જોઇ શકાય !. તો તેના એવા કેટલાય ચાહકો નારાજ એટલેછે કે તેમને રાજ કુન્દ્રાની ક્રિએટીવિટી જોવી છે જેનો ઉલ્લેખ વારંવાર મિડીયા વાળા કરે છે પણ તે મળતી નથી.! એક તરફ પોલીસ અધિકારી અને બીજી તરફ શિલ્પા શેટ્ટી ની આકરી પુછપરછ.. કે ''કુંદરૂ'' ફક્ત પૈસા માટે તે આવુ કર્યુ ! મંદી મે ગંદી બાત ! ત્યારે કદાચ રાજ કુન્દ્રા મનમાં ગાતો હશે ઘુંઘરૂ કી તહરા બજતા હી રહા ''કુંદરૂ''..! કદાચ પોલીસ તપાસમાં વાલીયા લુટારા માફક તે કહી શકે કે પરિવાર માટે જ તો આ કરતો હતો ! આમિરના છુટાછેડા, આ કુંન્દ્રા કેસ તે જોતા મારો મિત્ર ગીધો તો કહે છે ફીલ્મ ઇન્ડસ્ટ્રીઝ પર પનોતી ચાલે છે જુઓને કોરોના કાળમાં થઈ એકેય ફીલ્મ રીલીઝ? મે કહ્યું પણ વેબપોર્ટલ પરતો વેબસિરીઝ ને ફીલ્મો આવે જ છે ને ? મે કહયુ ગીધા તુ શેરબજારમાં રસ ધરાવે છે તેથી તારે પેલી હર્ષદ મહેતા વાળી વેબ સિરીઝ ''સ્કેમ'' જોવા જેવી છે, હજુ હુ વાક્ય પૂરું કરૂ ત્યાં તો એ ગુસ્સામાં બોલ્યો સ્કેમ ? અરે રિયલમા તે વખતે મારૂ મકાન વેચાઇ ગયેલ તે હર્ષદીયાની મંદીમા, મને કહે તે દિવસથી મારા છોકરાનુ નામ પણ મે હર્ષદમાંથી હરીયો કરી નાખ્યું ! મે કહયુ પણ તારેય લાલચ તો પૈસા કમાવવાની હતીને !



**ઈડિયટની અટારીએથી**

અર્થશાસ્ત્ર વિશે બહુ નથી જાણતો પરંતુ એટલુ સમજી શક્યો છુ કે પૈસો જ ઘણા લોકોનુ ચાલક બળ છે આ શ્રાવણ માસમાં સાતમ આઠમ પર તો ઘણા એમ કહીને પણ જુગાર રમે કે શુકન નુ રમવુ જોઈએ ને ! હવે એ કોડાને કોન પુછેકે કયાં શાસ્ત્રમાં આ લખ્યું છે? પણ તે રમતા હોય તે જોવાનો પણ એક લ્હાવો છે, વચ્ચે દસ, વીસવાળી પાંચ,દસ નોટો પડેલી હોય તે તરફ માછલીની આંખની માફક દરેક રમનાર યોધ્ધા એકાગ્રતાથી જોતાં હોય તેનેતો માત્ર નોટજ દેખાતી હોય અને જયારે જીતનાર વિજેતાની અદામા ઘુંટણીયા ભેર થઈ પૈસા એકઠા કરે ત્યારે તેને શહેનશાહ જેવુ ફીલ થતુ હોય તેવુ લાગે! પણ હવેતો નાના બાળકો પણ પૈસાને ઓળખવા લાગ્યા છે,મારી બાજુમાં રહેતા બે જ વર્ષના બાબાને એક હાથમાં રંગીન કાગળ રાખી બતાવો અને એક હાથમાં દસની નોટ રાખો તે નોટ જ ઉપાડે ! બાળપણથીજ આવી ટ્રેનીંગ મળી હોય પછી તે કયાંય પાછો પડે ? કદાચ નિરવ મોદી, હર્ષદ મહેતા કે વિજય માલ્યા જેવા લોકો જન્મીને ઘુઘરા ને બદલે નોટોથી જ રમ્યા હશે તેથી જ તો મોટા થઈ બેંકોને વગર ઘુઘરે રમાડીને નવડાવી શક્યા !

પૈસા અને પાવર માટે લાલચું માણસ કંઇ પણ કરવા તૈયાર થાયછે. આ સિધ્ધુ પાજી ઠોકો તાલી કરતાં કેટલા પક્ષમા ફરી આવ્યા ? ગુજરાત મા તો એક એંકરે જાણે બહારવટીયે ચડ્યો હોય તેવા જોમથી રાજકારણ મા ઝંપલાવ્યું ! આજે રોજ નવા સ્કેમ, રોજ કોઈ ભાગેડુ ના ન્યુઝ ! પણ ઘર હોય કે સરકાર પૈસા તો જોઈએ ને ? સરકાર બિલકુલ ઘરવાળી ની જેમજ કરે.. પૈસા ન આપોતો ખીસ્સામાંથી પણ કાઢતા આવડે.. આ પેટ્રોલનો ભાવ વધારો હોય કે અન્ય મોંઘવારી.. કાઢીજ લીધાને ? કાગડા બધે જ કાળા.. જરા હસજો હસવાના પૈસા નથી.

# આજની ઘડી રળિયામણી

કોમલ એ. ખારેચા

## કલર્સ ઓફ લાઈફ

આજે અમારા પડોશી ઘરે આવ્યા ત્યારે મને કહેતા હતા કે હવે મારા દીકરા ને સારી કોલેજ મા એડમિશન મળી જાય એટલે બસ, પછી એક સારી નોકરી અને એક સારી છોકરી મળી જાય એટલે બસ, પછી ઉપર વાળો પારણું બંધાવી દે એટલે બસ ...ત્યારે મને વિચાર આવ્યો કે માણસની આ ભવિષ્યની યોજનાઓ સતત ચાલતી જ રહે છે અને તેનું 'પછી બસ' ક્યારેય પૂર્ણ જ નથી થતું. ક્યાંક ને ક્યાંક માણસ ભવિષ્ય ના સપના જોવામા વર્તમાનની ક્ષણ ને માણવા નું ભૂલી જતો હોય એવું નથી લાગતું? કેમકે દુઃખનું એક કારણ અકારણ ચિંતા જ હોય છે. તો ક્યારેક માણસ કોઈ દુઃખદ વાત કે પછી પોતાને ભૂતકાળમાં મળેલી નિષ્ફળતાને યાદ કરીને હતાશ થતો હોય છે. શું તમે ટાઇમ મશીન જેવી કલ્પનાથી ભૂતકાળ ફેરવી શકશો? ના. તો પછી શા માટે ગઇકાલ ની દાજેલી ખીચડી યાદ કરી ને આજ ની રસોઈ બગાડાવી. શા માટે ભૂતકાળને વારંવાર યાદ કરી ને વર્તમાન ને ખરાબ કરવો ? ભૂતકાળમાં મળેલ એચીવમેંટસમાંથી પ્રેરણા અને ભૂલોમાંથી બોધ લઈને સુંદર આયોજનના થઈ શકે? તો ઘણી વખત માણસો વર્તમાનની સરખામણી ભૂતકાળ સાથે કરતા કહેતા હોય છે કે સ્કૂલ ટાઇમ અને કોલેજ ટાઇમમાં જે મજા હતી એ હવે નથી, એ ગોલ્ડન પીરિયડ હતો.



પર ત્યારે મને પ્રશ્ન થાય કે શું તમે આજના આ સમયને ગોલ્ડન પીરિયડના બનાવી શકો? કેમકે અમુક સમય બાદ ભવિષ્યમાં આ ક્ષણને યાદ કરીને કહેતા હસુ કે વાહ કેવો સરસ સમય હતો! પર આ વસ્તુ ભવિષ્ય મા અનુભવવી એના કરતાં વર્તમાન મા જ જીવી લેવા મા ફાયદો છે.

એક વખત એક યુવાન કોમ્પેટેટિવ એક્ઝામમાં નિષ્ફળ જતાં હતાશ થઇ તેના પિતા પાસે ગયો ત્યારે તેના પિતા બોલ્યા કે પહેલા તો તું જમીન પર બેસી જા. પેલો યુવાન કહે કે હું જમીન પર જ બેઠેલો છું. પરંતુ તેના પિતા ફરી એ જ વાત કહે છે , પેલો યુવાન કહે છે કે હું જમીન પર જ બેઠેલો છું. ત્યારે એના પિતા એને સમજાવે છે કે જો બેટા તું જમીનની અંદર નથી રહી શકવાનો અને ના તો જમીનની ઉપર હવામાં રહી શકવાનો, તો વાસ્તવિકતા એ જ છે કે જમીન પર જ રહેવાનું છે, એવી જ રીતે ભૂતકાળને તું બદલી નહીં શકે અને ભવિષ્ય તું જાણતો નથી તેથી ભલાઈ એમાં જ છે કે તું વર્તમાનની વાસ્તવિકતાને સ્વીકારીને જીવે. કેમકે દરેક ક્ષણ પોતાના એક અલગ રંગ, પોતાની એક અલગ આભા, પોતાની એક અલગ ઓળખ સાથે આવે છે જોવાનું એ છે કે તમે કેવી રીતે એને માણો છો. તમને મળેલી જિંદગીની હર એક ક્ષણ ઝાકળના બિંદુની જેમ કિમતી છે, જેમ ઝાકળનું બિંદુ ક્ષણિક હોય છે અને સુરજનો તાપ લાગતા ગાયબ થઈ જતું હોય છે એવી જ રીતે તમને મળેલી હર એક ક્ષણ પર સમયનો તાપ પડતાં એ ક્ષણ તમારા હાથમાંથી જતી રહે એ પહેલાં એને મન મૂકી ને માણી લો.

તો ઘણા કહે કે શું ભવિષ્ય માટે કશું જ આયોજન નહીં કરવાનું? સ્વપ્નો નહીં નિહાળવાના? અરે સ્વપ્નો જોઈશું તો જ પૂર્ણ થશે અને ધ્યેય વગરનું જીવન કશું કામનું નથી, પરંતુ માણસે પોતાની શક્તિ, સામર્થ્ય, લાયકાત અને આવડત પ્રમાણે ભવિષ્યના સપના જોવા જોઈએ, કીડી હાથી સામે લડવાના સપના જોવે તો કીડી દુખી જ થવાની છે ને?, એ તમારે નક્કી કરવું પડે કે તમે કીડી છો કે હાથી. કોઇ પણ કામ ત્યાં સુધી જ અસક્ય છે જ્યાં સુધી એની શરૂઆત ના થાય, આજે જેટલો સમય તમારી પાસે છે એટલો કદાચ પહેલાં પણ નહતો અને આવો યોગ્ય સમય કદાચ ફરી ન પણ મળે તેથી ભૂતકાળ ને ભૂલી અને ભવિષ્ય ની ચિંતા છોડી વર્તમાન ની આ દરેક ક્ષણ મન મૂકી ને જીવી લો.

# સાહિત્યમાં સદાય મસ્ત દિપ્તિ ગજજર

**ભાવિન કથેચા**

જયારે ઈરાદા મજબુત હોય, દઢ સંકલ્પ હોય ત્યારે તે ઈરાદાઓને પુરા કરવામાં ખુદ ઈશ્વર પણ મનુષ્યની મદદ કરે છે. આવા જ એક દઢ મનોબળ અને ખોડીયાર માતાજીમાં આસ્થા ધરાવનાર વ્યકિત છે સાવરકુંડલાના રહેવાસી દિપ્તિબેન કાંતિભાઇ ગજજર.

દિપ્તિબેનનો જન્મ તા. ૩૦/૧૨/૧૯૮૬ના રોજ સાવરકુંડલામાં થયો હતો. સાવરકુંડલા ગામનું નામ લેતા જ જોગીદાસ ખુમાણનું સ્મરણ થઇ આવે. જે કાઠી દરબાર હતા. દરબાર વજેસિંહે તેમના પૂર્વજોને આપેલા ગામો પાછા લઇ લેતા તેઓ રાજ્ય સામે બહારવટે ચડયા હતા.

દિપ્તિબેન બે ભાઇઓ અને બે બહેનોમાં સૌથી મોટા છે તેમની નાની બહેનના લગ્ન થઇ ગયા છો તેઓના બંને ભાઇઓમાંથી સૌથી નાના ભાઇ ઇલેકટ્રીકલ એન્જિનિયર છે અને તેનાથી મોટાભાઇ સોનીના શોરૂમમાં જોબ કરે છે દિપ્તિબેનના પિતા કાંતિભાઇ સુથારીકામ કરતા. હવે તેઓ નિવૃત્તજીવન જીવે છે.



દિપ્તિબેન નાનપણમાં ભણવામાં બહુ હોંશિયાર હતા. તેઓ જયારે ચોથા ધોરણમાં અભ્યાસ કરતા ત્યારે તેમનો બીજો નંબર આવેલો. શાળાના વિશાળ હોલમાં ચારસો બાળકો અને બધા શિક્ષકો વચ્ચે તેઓને બીજા ક્રમાંક સાથે બિરદાવવામાં આપેલા તે યાદગાર ક્ષણોને યાદ કરી દિપ્તિબેન તેઓની જિંદગીનો સૌથી અમુલ્ય પ્રસંગ ગણે છે તેઓ ધોરણ દસની પરીક્ષામાં નપાસ થયા હતા. પરંતુ હિંમતથી હવે ફરી પાછી ધોરણ દસની પરીક્ષા આપવા માંગે છે.

દિપ્તિબેન જયારે નવ મહિનાના હતા ત્યારે તેમના જીવનમાં એક કરુણ ઘટના બની ગઇ. પડોશમાં રહેતા બેન તેઓને રમાડવા લઇ ગયા હતા. શિવણ મશીન પર બેસાડી તેમને રમાડી રહયા હતા ત્યારે દિપ્તિબેન મશીન પરથી પડી ગયા અને બંને પગે પોલીયો થઇ ગયો ત્યારે તેમના પિતાની આર્થિક સ્થિતિ સારી ન હતી. છતાં પણ દવા અને સારવારમાં કોઇ કમી ન રાખી. પરંતુ તેઓની તકલીફ દુર ન થઇ. તેઓની પોલીયોની સ્થિતિ આજીવન યથાવત જ રહી.

દિપ્તિબેને પરિસ્થિતિઓ સાથે સમાધાન કરવાને બદલે તેનો હિંમતથી સામનો કર્યો અને પોતાના ગમતા કાર્ય (લેખન પ્રવૃત્તિ)માં આગળ વધવાનો દઢ નિશ્ચર્ય કર્યો. વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપ કે જે નવોદિત લેખક-લેખિકાઓને આગળ વધવા એક મંચ પુરુ પાડે છે તેમાં ઉત્સાહથી જોડાયા. લેખનકાર્યમાં વિશ્વકર્મા રાઇટર્સ ગ્રુપના સ્થાપકોના માર્ગદર્શન હેઠળ તેમના લેખમાં નિરંતર પ્રગતિ જોવા મળી. તેઓએ ગ્રુપમાં અપાતી વિવિધ ટાસ્કમાં ભાગ લીધો. હાઇકુ, એકાવનક્ષરી, માઇક્રોફિકશન વાર્તા, સાઇજીકી, મુકતકો અને રસીકરણ અભિયાનની પોસ્ટ મુકી બધા મિત્રોની સરાહના પ્રાપ્ત કરી.

દિપ્તિબેનને નવા મિત્રો બનાવવા, ગીતો ગાવા, કવિતાઓ લખવી, ટેલિવિઝન જોવું, જરૂરીયાતમંદોને દાનપુણ્ય કરી ખુશ કરવા ખુબ ગમે છે. તેઓ સ્વભાવે મિલનસાર, લાગણીશીલ અને બહુ જ વાતોડીયા છે તેઓના જીવનમાં તેમના દાદાના સ્વભાવ અને વિચારોનો બહુ મોટો પ્રભાવ જોવા મળે છે તેમના દાદા હયાત નથી પરંતુ જીવનમાં આગળ વધવા, પ્રગતિ કરવા તેમના હૃદયમાં સદાય જીવિત રહી પ્રેરણા આપતા રહે છે દાદાની પુણ્યતિથિએ દિપ્તિબેન વૃદ્ધાશ્રમ જરૂર જાય છે.

દિપ્તિબેનની કવિતા, લેખની નોંધ સૌરાષ્ટ્ર-સેતુ, યથાકાલ, અબતક, દુરદર્શી ન્યુઝમાં લેવામાં આવી છે. તાઉતે વાવાઝોડાની સૌથી વધુ ભયજનક અસર અમરેલી જીલ્લામાં જોવા મળી હતી. સાવરકુંડલામાં આવેલું દિપ્તિબેનના મકાનને બહુ જ નુકસાન થયું હતું. મકાનની હાલત એટલી હદે ખરાબ થઇ ગયેલી કે એક મહિના સુધી તેમણે પરિવાર સાથે બીજે રહેવાની સગવડતા કરવી પડી હતી. તાઉતે વાવાઝોડાએ તેમના મકાનને તારાજ કર્યું હતું. પરંતુ મજબુત મનોબળને તોડવામાં તે નિષ્ફળ ગયો હતો.

દિપ્તિબેન વિશ્વકર્મા સમાજ તેમજ મનથી હારી, થાકીને બેસી રહેનાર માટે હિંમત હાર્યા વગર, ઉભા થઇ પ્રયત્નશીલ રહેવા માટેનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડયું છે. તેઓ જીવનમાં વધુને વધુ પ્રગતિ કરે, સેવાકીય કાર્ય કરે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સાથે જય વિશ્વકર્મા.



# શ્રાવણ વર્ષે સરવડે

• બચુભાઈ વી. વડગામા

આપણા હિન્દુ બાર મહિનાના ગુણ ગાતિ બારમાસીની રચના કવિજનોએ સુંદર રચી છે. તેમાં મહિના અને તે મહિનાઓમાં આવતા વ્રતો, તહેવારો, તેનું મહાત્યમય ઉપવાસ તેનાથી મળતું ફળ, અને મળતુ પુણ્ય તેનુ વિદ્વાનોએ મેળવેલો કુદરતનો કરીશ્મો તેથી ફળતુ વ્રત તે કહયું છે.

આપણે શ્રાવણ માસમાં આવતા વ્રતો, તહેવારો, ધરતી ઉપર કુદરતે વેરેલ પુષ્પોની માળતા તેનું સૌદર્ય નીહાળતા કવિ કલાપીને બોલવું પડયું.

સૌદર્ય વેળફી દેતા નાના સૌદર્ય મળે,
સૌદર્ય પામતા પહેલા સૌંદર્ય બનવું પડે,

શ્રાવણ માસના આ આનંદમાં ખોવાય જઇએ છીએ, આ સરવડે વરસતો શ્રાવણ વૈકુંઠ કરતા ઉચાયેથી નીચે ધરતી પર આવે છે અને શ્રાવણની તિથિઓ પણ ભગવાનને પણ ધરતી પર લાવે છે. સૌદર્ય નિહાળવુ કોને ન ગમે ? આ ધરતી પર શ્રાવણ માસમાં શું શું પ્રસંગો બન્યા છેતે આપણે શોધીએ.



(૧) શ્રાવણ સુદ એકમથી શિવ પુજનમાં મહામુલ્યવાન માસ છે. મંદિરોમાં શિવદર્શન માટે માણસનો ભીડ જામે છે. એકમના આગલે દિવસે એટલ દિવાસાનું વ્રત થાય છે. ત્યાંથી શ્રાવણના વ્રત શરૂ થાય છે.

(૨)શિવપૂષ્ટિ વ્રત : આ વ્રત શ્રાવણ માસના પ્રથમ સોમવારથી વ્રત ક્રવામાં આવે છે, દર સોમવારે મુઠ્ઠી અનાજ અને ફળથી શિવપુજન કરવું. પહેલે સોમવારે મુઠ્ઠી ચોખા તથા નાળિયેરથી પુજા કરવી, બીજા સોમવારે મુઠ્ઠી મગ તથા કાકડી પુષ્પથી પુજા કરવી, ધૂપ, દિપ દર વખતે કરવા. ત્રીજા સોમવારે મુઠ્ઠી તલ પુષ્પ ધૂપદીપ કરી શિવ પુજન કરવું. અને ચોથા સમોવારે એક મુઠ્ઠી જવ ફળ ધૂપ દીપ કરી શિવ પૂજન કરવું. પાંચ સોમવાર હોય તો પહેલા સોમવાર પ્રમાણે પુજન કરવું.

(૩) મંગળા ગૌરી વ્રત : આ વ્રત શ્રાવણ માસના પહેલાં મંગળવારથી શરૂ થાય છે. જો ચારે મંગળવાર કરવામાં આવે તો આખા વર્ષના મંગળવાર કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે. આ વ્રત કરનાર સ્ત્રી પતિના આયુષ્ય અને કિર્તીમાં વારો કરે છે, મંગળવારે સવારે ખાસ કરીને નદીએ સ્નાન કરવું. ગૌરી માતાની વિધીસર પુજા કરવી. અને વ્રતના દિવસે એકટાણું કરવું જોઇએ. પંચ મહાયજ્ઞનું ફળ મળે છે. એટલે પુણ્ય પ્રાપ્ત થાય છે. પંચ મહાયજ્ઞનું ફળ મળે છે. એટલે પુણ્ય પ્રાપ્ત થાય છે

(૪) શિતળા સાતમ : બાળકો નિરોગી રહે તેવી માતાજી પાસે પ્રાર્થના વ્રત કરવાનો દિવસ છે. શિતળા માતાનો તહેવાર છે. શુદ પક્ષની સાતમને નાની સાતમ અથવા કણબીની સાતમ કહે છે. વદ પક્ષની સાતમ કરતા કણબી પટેલો આ નાની સાતમમાં મીઠાઇ વધુ રાંધે છે. ચોમાસુ સારું થયું હોય. મોલાત મોટી થઇ ગઇ હોય. પછી સીમમાં બળદો જ ચારવાના હોય, લાડવાનું સામટું ભાતુ સાથે હોય. બે, ત્રણ રાત્રી સીમમાં રહેવાનું થાય. અહીં મણ, મણ, ખાંડ ધોય હોઇ. અમાસ સુધી લાડવા ખુટે તેમ ન હોય બળદ ચારે મિત્રો સાથે લાડવા ખવાતા હોય. ખેડુત સાતમ પોતે ખાય ગામના વસવાયાને સાતમ ખવરાય. પોતે ખાય તથા ગરીબ માંગણ ભીખારીને સાતમ આપે. આ હતો ખેડુતનો ઉદ્ધાર નીતિવાદ.

(૫) શ્રાવણ શુદ ૧૧ : આજનો દિવસ એટલે અણુજા વતનો મહામુલ્યવાન દિવસ. આ દિવસે વિશ્વકર્મા પ્રભુ સ્વધામ ગયા છે. વિશ્વકર્મા પ્રભુનું અણુજા વ્રત કરવું, આ દિવસે વિશ્વકર્માના વંશજો, અણુજા વ્રત પાળે. અગિયારસના દિવસે સવારે બ્રહમ મુહુર્તમાં સ્નાન આદિ કાર્યો કરી દિવસના ઉપવાસ અથવા એકટાણું કરવું અથવા ફળહાર કરવું, ઘરમાં બાળકો ઇચ્છા પ્રમાણે વ્રત કરે તે દિવસે ગાયોને ચારો નાખવો યોગ્ય દાન પુણ્ય કરવા. દાન પુણ્યમાં જે પૈસા આવ્યા હોય તે વિશ્વકર્મા મંદિરમાં વાપરવા. વિશ્વકર્મા સમાજમાં બાળકોને વિદ્યાદાનમાં ગામડેથી અભ્યાસ માટે આવેલા ગરીબ માતા-પિતાના બાળકોને શિષ્યવૃત્તિ આપી સમાજમા્ર ઉંચુ સ્થાન અપાવવું. એવો દાનનો હેતુ છે. આ અતિ પવિત્ર દિવસે બપોરના સર્વ સાથે રહી દાદાના મંદિરે આરતી ડ્રો દ્વારા કરવી. જેથી ભાગ્યશાળી આરતી કરી શકે. ભેદની રેખાઓ તાણવી નહીં.

આવું આ અણુજા વ્રત દાદા વિશ્વકર્માના સંતાનો પોતાનો માની તો તહેવાર છે. તેવુ માની ભાગ લેવો આ રજાનો દિવસ માન્ય કરવો. આશા છે આ અણુજા વ્રતમાં શુભ શરૂઆતમાં વિશ્વકર્મા વંશજો તન, મન, ધનથી આ દાદાની સ્વધામતિથિ જયંતિની જેમ

ધામધૂમથી મનાવ્યે.

જયશ્રી વિશ્વકર્મા

(૬) શ્રાવણ સુદ બારસ : દધિવ્રત આ વ્રત શ્રાવણ સુદ બારસના દિવસે કરવામાં આવે છે આ દિવસે માત્ર દહીં ખાઇને ઉપવાસ કરવામાં આવે છે. આ વ્રત કરનારને પંચ મહાયજ્ઞનું ફળ મળે છે. એટલે પુણ્ય પ્રાપ્ત થાય છે.

(૭) શ્રાવણ સુદ (૧૫) : આ દિવસે બ્રાહમણો શ્રાવણ માસનું એટલે કે શ્રાવણી પુજા કરે છે. પોતે વર્ષ દરમિયાન જેજે પાપ જાણતા અજાણતા થયા હોય તે પ્રાશ્ચિત કરે છે અને પુનમનો દિવસ હોવાથી નદીમાં સ્નાન કરી નવી જનોઇ પહેરી પવિત્ર બને છે. જનોઇ પહેરવાથી પવિત્ર છે, બ્રાહમણ છે તે ઓળખ પાકી થાય છે. બ્રાહમણોએ જનોઇ પહેરવી તેનો જન્મસિદ્ધ હકક છે. શ્રાવણી પુનમ નાળિયેલી પુનમથી પણ ઓળખાય છે. શ્રાવણ માસની પુનમના દિવસે બહેન ભાઇને અમર રાખડીનું રક્ષાબંધન કરે છે. બહેનની દૂવા ભાઇનું જીવન નંદનવન સમ બનાવી દે છે.  ભાઇ-બહેનનું જીવનભર વહેવારીક રક્ષણ કરે છે. બહેનના ઘેર નાના-મોટા અવસર હોય ત્યારે મામેરા કરી ભાઇ-બહેન અને માતા-પિતાની શાન વધારે છે. આ પુનમના દિવસે વહેતી નદીમાં સ્નાન કરવાથી પવિત્ર પુનમ કહે છે.

(૮) શ્રાવણ વદ ચોથ : આ ચોથને સંકટહાર એટલે સંકટ હરની ચોથ કહે છે. બોર ચોથ પણ કહે છે. આજે શબરીએ રામને બોર ખવરાવ્યા હતા. તેવું ઘણાનું માનવું છે. આ સંકટહાર ચોથનું બહેનો વ્રત કરે છે. આ દિવસે ગણપતિ અને ગાય માતાનું પુજન કરે છે. ઉગતા ચંદ્રના દર્શન કરે છે. બહેનો આખો દિવસ ઉપવાસ કરે છે. સવારે ગાયને ચાંદલો કરે છે, સવારે ચાંદલો કરેલ ગાય સાંજે ગૌધલીક સમયે ઘેર આવે ત્યારે ગામના ચોકમાં બહેનો સાથે મળી પેલી ગાયનું પુજન કરી ફળહાર કરી ઉપવાસ છોડે, ગાયનું પુજન કરવાથી તેત્રીસ કરોડ દેવતાનું પુજન કર્યાનું ફળ મળે છે.

(૯) નાગપાંચમ વ્રત : શ્રાવણ વદ પાંચમ નાગ પાંચમનું વ્રત. આજે વાસુકી નાગનું બહેનો પુજન કરે છે, બાર માસ નાગદેવતા પુરતુ ધન  આપે કંઇ અઘટીત કાર્ય ન કરે. તેનું રક્ષણ મળી રહે તેવી પ્રાર્થના સાથે વ્રત કરવામાં આવે છે.

(૧૦) શ્રાવણ વદ છઠ્ઠ : આ છઠ્ઠને રાંધણ છઠ્ઠ કહે છે. આજે અન્નપુર્ણા માતાજીનું પુજન કરવામાં આવે છે. માતા અન્નપુર્ણા અન્નના કોઠારો ભરી દે છે.

(૧૧) શ્રાવણ વદ શિતળા સાતમ : બાળકોના રક્ષણ માટે શિતળા સાતમનું વ્રત બહેનો કરે છે. શિતળા માતાના મંદિરે જય માતાનું પુજન કરે છે. અખંડ એવાતણ માંગે છે. રોગ, દોગ ઘરમાં ન ઘુસે તે પ્રાર્થના કરે છે. માતા પાસે આરોગ્ય માંગવું. શિતળા માતાના સદા આશિષ સાથે રહે છે.

(૧૨) શ્રાવણ કૃષ્ણ પક્ષ અષ્ઠમી : શ્રીકૃષ્ણ જન્માષ્ટમીનો તહેવાર એવો સંદેશ લઇને આવે છે. નાચો, ગાવો, મોજ મનાવો. આ તહેવારથી કોઇ અજાણ્યું નથી. આ દિવસે મધ્યરાત્રીએ શ્રીકૃષ્ણનું પ્રાગટય થયું છે. આ દિવસે લોકો ઉપવાસ કરે છે. ફળાહારે કરે છે. આખો દિવસ બાળ કનૈયાનું પુજન અર્ચન કરે છે. આખો દિવસ ભજન કિર્તન, કથા શ્રવણ કરી ગાળે છે. દ્વારકા, ડાકોરને મથુરામાં પુજા અર્ચન ચાલુ રહે છે. પંજરીનો પ્રસાદ ખાસ હોય છે. કનૈયાલાલ કી જયનો નાદ ગુંજતો રહે છે.

(૧૩) શ્રાવણ વદ નવમી : શ્રી કૃષ્ણનાં જન્મનો ખરો આનંદ નવમીના દિવસે ગોકુળમાં નંદરાયના ઘેર નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી. આપો હાથી ઘોડા ગાય પાલખી, જય કનૈયા લાલ કી. આ નાદ આખા ગોકુળમાં ગુંજી ઉઠે છે. આ છે શ્રાવણનો ઘેર ઘેર આનંદ.

(૧૪) શ્રાવણ વદ (૧૨) : પયુષણનો દિવસ. એક સપ્તાહનો પુણ્ય મેળવવાનો મહાન અવસર છે, આ દિવસે જેને બહેન-ભાઇઓ માટે અઠાય કરી ઇશ્વરની શોધમાં તળપતા મનુષ્યને સાક્ષાત પરમાત્મા દર્શનનો અહેસાસ થાય છે. મીચ્છામી દુકકડમ કહી જાણતા અજાણતા થયેલા અપરાધોની ક્ષમા મંગાય છે.

(૧૫) શ્રાવણ વદ અમાસ : બહુ જ પરમાર્થના કાર્યકરનો દિવસ. પિતૃઓને તુરંત કરી આશીર્વાદ મેળવાનો દિવસ. આપણે સુખી રહયે, માટે આપણાં પિતૃકષ્ઠ વેઠે છે. આપણે ત્યાં પરિવાર વધે અને ધન ધાન્ય સુખી રહયે તેમાં પિતૃ રાજી છે. જેથી આપણે શ્રાદ્ધથી પિતૃને પુષ્ટ કરતા રહયે. પિતૃઓને જલ વડે શ્રદ્ધાંજલી આપતા રહયે. તેમાંથી પિતૃના ઋણમાં મુકત થવાનો દિવસ છે. શ્રાવણ પંદર દિવસની હેલી પણ કરે અને સરવડે પણ વરસે. તેનું કામ છે લોકોને સુખી કરવાનું તેમ તહેવારોનું કાર્ય છે સહુને આનંદ કરાવાનું.

## ૐ નમઃ શિવાય

**શ્વાસ છો તમે શિવાય, પ્રાણ પણ તમે જ છો,**
**મન માં ઊઠે એ તરંગ પણ તમે જ છો...**
**વિચારો ને મળે એ વેગ પણ તમે જ છો,**
**હૈયે જે ઉછળે એ ઉમંગ પણ તમે જ છો...**

**મજધારે અટવાયેલી અમારી નૈયાના**
**તારણહાર પણ તમે જ છો...**
**ખુટી રહેલ શ્વાસ ને વધારનાર,**
**મહામૃત્યુંજય ના જાપ  પણ તમે જ છો...**

**પ્રજાપતિ દક્ષની દીકરીના ભરથાર પણ તમે જ છો,**
**દેવોના દેવ એવા મહાદેવ પણ તમે જ છો...**
**ભસ્મ ચોળી શ્મશાન ની આખા શરીરે જટાધર,**
**ત્રીજું નેત્ર ખોલી તાંડવ કરનાર પણ તમે જ છો...**

**ગણપતિના તાત તમે  નંદીના નાથ છો,**
**વિષ ગળે ધરનાર નીલકંઠ પણ તમે જ છો...**
**દાનવોને પણ માંગ્યાં વરદાન આપનાર,**
**એવા પ્રભુ ભોળાનાથ પણ તમે જ છો...**

**આવી રહ્યો છે પવિત્ર શ્રાવણ માસ,**
**શ્રાવણમાં રોજ પુજાતા દેવ પણ તમે જ છો...**
**ફેલાયો છે પૃથ્વી પર મહામારી નો કહેર,**
**એમાથી અમને ઉગારનાર પણ તમે જ છો...**

**- જ્યોતિ ગજ્જર, વડોદરા**

## શોધતી રહી મીરાં કૃષ્ણને.
(અછાંદસ)

સાચા શિક્ષકની ભૂમિકા શું?
દોહા, ગીત અને છંદોમાં !

શ્રી કૃષ્ણ સદા મસ્ત રહેતાં,
રાધાને રિઝવવામાં, મનાવવામાં...

ગોપીઓ રાસ રમવા તલ્લીન રહેતી,
કૃષ્ણ સખા બની બંસરી વગાડતાં...

માઁ યશોદા સંતાડતાં માખણ મિસરી,
કૃષ્ણ સદા લપાઈ-છૂપાઈને એ ખાતાં...

ગોવર્ધન ઉપાડ્યો ટચલી આંગળીએ,
વરસતાં વરસાદમાં કર્યું નાગદમન...

સદીઓ બાદ ફરી ફરી આવતી જન્માષ્ટમી,
શ્રી બાલકૃષ્ણ ઝૂલતાં પારણિયે...

ફલડોલ કેરાં ઉત્સવો ને હિંડોળા,
રાધા સંગે રાસ, હોય એવાં ખાસ...

**- હિના સિનરોજા, 'મહેંદી' - રાજકોટ.**



## વ્રજમાં લાગી હોડ
(અછાંદસ કવિતા)

વ્રજમાં લાગી હોડ સખા-સખીઓની કોણ
અતિસુંદર સખા શ્યામ કે સખી શ્યામા ?
કરે શૃંગાર પરસ્પર એકબીજાના લગાવી કાજળ,
કુમકુમ પહરાવે કંઠમાં ફુલો અને વૈજયંતી માળા.
લઈ આવો દર્પણ મુખ દેખો બારી-બારી રે,
લાગે લોચન મૃગનયની જેવા વૃષભાન દુલારીના.
કંચનવર્ણી રાધીકા, કાજળથી કાળા શ્યામ,
જાણે સુંદરતામાં આપે છે એકબીજાને માત !
બહુ અચરજ લાગી બધા સખા-સખીઓને કુંજમાં,
દર્પણમાં મુખ જોયું રાધીકાએ, દેખાયા સખા શ્યામ.
સાંભળો રે બધા સખા-સખીઓ, હવે શેની લાગે હોડ ?
કૃષ્ણ જ રાધા, રાધા જ કૃષ્ણ. તન બે આત્મા એક.

**- ભાવિન કથેચા**



## કાન્હા કેરો હીંચકો
(અછાંદસ કવિતા)

યશોદા ઝુલાવે રે કાન્હને હેતથી,
કાન્હ ઝુલે રે પ્યારો કામણગારો.
કે હીંચકો શોભે રે !
દોરી ગૂંથી રે ભાવે ભરી પ્રેમથી,
કાન્હ મારો રે પ્યારો સર્જનહારો.
કે હીંચકો શોભે રે !
પોઢે છીરું રે હાલરડાંના ગાનથી,
કાન્હ થાય રે મસ્તીમાં ડોલનારો.
કે હીંચકો શોભે રે !
સુવે જગ રે કાન્હાના પ્રેમભાવથી,
કાન્હ સુવે રે જગનો પાલનહારો.
કે હીંચકો શોભે રે !

**- હેતલ ગજ્જર**



## "કૃષ્ણ"
(ગઝલ)

કાળી રાતે અવતર્યા એ, જેલમાં અજવાસ છે.
નંદના ઘેરે તો આજે, અષ્ટમી આ ખાસ છે.

કૃષ્ણ સોળે સાજમાં છે, પીછું શિરે શોભતું
ગાયને ગોવાળ સાથે, વાંસળીએ પાસ છે.

હોય શું વિરહ સ્વજનનો, કૃષ્ણને પૂછો તમે,
છોડી ને માખણ, જપે છે નામ રાધે, શ્વાસ છે.

વાંસળી છોડી સુદર્શન ને ધર્યું છે હાથમાં,
વિશ્વમાંના દાનવોના દૂર કીધાં, ત્રાસ છે.

સારથી અર્જુનનાં, આપ્યું યુદ્ધમાં ગીતાનું જ્ઞાન
એ 'શીતલ' તો જીવવાનો સાર આપ્યો ખાસ છે.

**- શીતલ ભાડેશીયા, રાજકોટ**

# દેશના વિકાસમાં વિશ્વકર્મા પરિવારનું મોટુ યોગદાન છે : શ્રી સી.આર. પાટીલ

## વિશ્વકર્મા પરિવાર-ગુજરાત દ્વારા વિવિધ શહેરના આગેવાનો સાથે શ્રી પાટીલ સાથે સ્નેહમિલન

વિશ્વકર્મા પરિવાર-ગુજરાત દ્વારા તાજેતરમાં ગુજરાતભરનાં વિશ્વકર્મા પરિવારની ૪૦ જેટલી સંસ્થાઓ હોદ્દેદારો-ઉદ્યોગપતિઓ સાથે ગુજરાતના ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ સાથે ગાંધીનગર ખાતે શ્રી સી.આર. પાટીલના નિવાસસ્થાને સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. શ્રી સી.આર. પાટીલ સાથેના સ્નેહમિલનમાં શ્રી પરષોતમભાઇ પીત્રોડા, જશુભાઇ પંચાલ સહિતના ગુજરાતના વિવિધ શહેરોની સંસ્થાઓના હોદેદારો ઉપસ્થિત રહયા હતા.



ભગવાનદાસ પંચાલએ જગદીશભાઇ વિશ્વકર્મા દ્વારા શ્રી સી.આર. પાટીલનું સન્માન

આ પ્રસંગેની સી.આર. પાટીલનું બક્ષીપંચ મોરચાના પૂર્વ પ્રદેશ પ્રમુખ અને એસ.ટી. નિગમના પૂર્વ ચેરમેન ભગવાનદાસ પંચાલ અને અમદાવાદના ભાજપના શહેર પ્રમુખ અને ધારાસભ્ય જગદીશભાઇ વિશ્વકર્મા (પંચાલ)ના હસ્તે કલા-કારીગરીથી અંકિત કરાયેલ શ્રી પાટીલના ફોટા સાથેનું સ્મૃતિચિનહ અર્પણ કરવામાં આવ્યું હતું.



વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણ ગજજર દ્વારા 'વિશ્વકર્મા પુરાણ' શ્રી પાટીલને અર્પણ

આ પ્રસંગે ઉપસ્થિત વિશ્વકર્મા પરિવારના આગેવાનોને સંબોધન કરતા શ્રી સી.આર. પાટીલે કહ્યું હતું કે, વિશ્વકર્મા સમાજ પોતાની આવડત અને જન્મજાત કારીગરીથી આગળ આવેલ સમાજ છે. અને તેના આધારે નવુ નવુ સર્જન કરતો રહયો છે. ભારતીય સંસ્કૃતિમાં પણ વિશ્વકર્મા પરિવારનું અનેરુ મહત્વ છે. વિશ્વકર્મા પરિવારની આવડત અને તાકાતે દેશના વિકાસમાં અનેરૂ યોગદાન આપ્યું છે અને આપણા દેશના વિકાસમાં વિશ્વકર્મા પરિવારનું મોટુ યોગદાન છે. સુરતમાં વિશ્વકર્મા પરિવારની સંસ્થાઓ મારા મત વિસ્તારમાં છે અને દરેક કાર્યક્રમોમાં જવાનુ થતુ હોય વિશ્વકર્મા પરિવારને નજીકથી ઓળખુ છું. તેમણે વિશ્વકર્મા પરિવાર-ગુજરાત દિન પ્રતિદિન વધુ સંગઠીત થાય તે આજની જરૂરીયાત છે. વિશ્વકર્મા પરિવાર ભાજપ સાથે જ જોડાયેલા છે અને જોડાયેલો રહેશે તેવી શ્રદ્ધા વ્યકત કરી હતી.


કાર્યક્રમના પ્રારંભમાં શ્રી ભગવાનદાસ પંચાલે પોતાના ઉદ્‌બોધનમાં શ્રી સી.આર. પાટીલને સેવા અને સંગઠનનો અદ્‌ભુત શકિત ધરાવનાર અનેરુ વ્યકિતત્વ ગણાવ્યા હતા. શ્રી પાટીલે પોતાના મત વિસ્તારમાં ૨ લાખ લોકોને ઘરનું ઘર આપ્યું હોવાનું જણાવી ૨૦૧૯માં ભારતમાં સૌથી વધુ લીડથી વિજેતા સાંસદ ગણાવ્યા હતા.

અખિલ હિંદ સોની સમાજના અગ્રણી પદાધિકારી રોહિતભાઇ સોનીએ કહયું હતું કે સમગ્ર સોની સમાજ ભાજપની સાથે છે અને વર્ષોથી ભાજપ અને આર.એસ.એસ. સાથે જોડાયેલા છે. ગુજરાતને શ્રી પાટીલનું નેતૃત્વ મળ્યું છે. ત્યારે ગુજરાત પ્રગતિના શિખરો સર કરશે.

વિશ્વકર્મા એકતા સમિતિના પ્રમુખ રમેશભાઇ ધનસુરા, દિપકભાઇ પંચાલ, નિરવભાઇ પંચાલ વગેરેએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

આ પ્રસંગે વિવિધ શહેરમાંથી આવેલ વિશ્વકર્મા પરિવારના આગેવાનોએ શ્રી સી.આર. પાટીલનું વિવિધ રીતે સન્માન કર્યું હતું. શ્રી ભગવાનદાસ પંચાલ અને જગદીશભાઇ વિશ્વકર્માએ શ્રી પાટીલનું સન્માન કર્યા બાદ રાજકોટથી પ્રસિદ્ધ મેગેઝીન 'વિશ્વકર્મા વિશ્વ'ના





તંત્રી પ્રવીણ ગજ્જરે શ્રી પાટીલને 'મારા દાદા વિશ્વકર્મા' નામનું પુસ્તક આપી સન્માન કર્યું હતું. જ્યારે રાજકોટના જીએચપી ગૃપના ચેરમેન અને કન્યા છાત્રાલયના ટ્રસ્ટી યોગીનભાઇ છનિયારાએ 'વિશ્વકર્મા વિશ્વ' અર્પણ કરી સન્માન કર્યું હતું. ભાવનગરથી પ્રસિદ્ધ થતા વિશ્વકર્મા ટુડેના ભરતભાઇ રાઠોડ અને સાથીદારો સહિતના આગેવાનોએ પણ પાટીલનું સન્માન કર્યું હતું.

સ્નેહમિલનનું સુંદર આયોજન અમદાવાદના નગર સેવક દિપકભાઇ પંચાલ, નીરવભાઇ પંચાલ વગેરેએ ખુબ સારી રીતે પાર પાડયું હતું.

# વિશ્વકર્મા મ્યુઝીયમ એ જ આપણું મંદિર : જગદીશ વિશ્વકર્મા

## ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે વિશ્વકર્મા પરિવારના આગેવાનોની બેઠકમાં વિશ્વકર્મા પરિવારનો અવાજ બુલંદ બનાવવા સંકલ્પ




**વિશ્વકર્મા પરિવારના અગ્રણીઓને જગદીશ વિશ્વકર્મા અને ભગવાનદાસ પંચાલે સંબોધન કર્યું હતું તે પ્રસંગની તસવીરમાં પરષોતમદાસ પિત્રોડા, રોહિતભાઇ સોની, જશુભાઇ પંચાલ, ભાઇલાલભાઇ પંચાલ, રાજેશભાઇ પંચાલ અને જીજ્ઞેશભાઇ સોની નજરે પડે છે.**

વિશ્વકર્મા પરિવાર-ગુજરાત દ્વારા તાજેતરમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓના આગેવાનો અને ગુજરાત ભારતીય જનતા પક્ષના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વચ્ચે સ્નેહમિલન યોજાઇ ગયા બાદ ગાંધીનગરના સરકીટ હાઉસ ખાતે અમદાવાદના ધારાસભ્ય અને અમદાવાદ શહેર ભાજપના પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા (પંચાલ) અને બક્ષીપંચ મોરચાના પૂર્વ અધ્યક્ષ ભગવાનદાસ પંચાલની ઉપસ્થિતિમાં ગામ-પરગામથી અલગ અલગ ૪૦ જેટલી સંસ્થાન મુખ્ય હોદેદારો સાથે ચર્ચા વિચારણા બાદ વિશ્વકર્મા પરિવાર ગુજરાતને વધુ સંગઠીત બનાવી વિશ્વકર્મા પરિવારનો અવાજ મજબુત થાય તેવો દ્રઢ નિર્ધાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ગુજરાતમાં વિશ્વકર્મા મંદિરને બદલે વિશ્વકર્મા મ્યુઝીયમ બનાવવા સૌએ કમર કસવી જોઇએ. વિશ્વકર્મા પરિવારના સુથાર-કડીયા, પ્રજાપતિ, પંચાલ, સોની વગેરેની પ્રાચીન સંસ્કૃતિ, પ્રાચીન ઓજાર



ઉપરાંત વિશ્વકર્મા પરિવારની કલા-કારીગરી અને કૌશલ્યના દર્શન અને દેશ અને દુનિયા કરી શકે તેવું આયોજન આ વિશ્વકર્મા મ્યુઝીમમાં કરવું જોઇએ. આપણા વિશ્વકર્મા પરિવાર માટે વિશ્વકર્મા મ્યુઝીયમ જ મંદિર બની રહેશે.



આ પ્રસંગે ભગવાનદાસ પંચાલે જણાવ્યું હતું કે માત્ર ૨ દિવસના ટુંકા ગાળામાં સ્નેહમિલનના સંદેશા પાઠવાયા અને આ બે દિવસનો ટુંકાગાળો હોવા છતાં ટેલીફોન કર્યા હતા. તેમાંથી ૯૯ ટકા લોકો ઉપસ્થિત રહયા છે. જે બતાવે છે કે વિશ્વકર્મા પરિવાર વધુ સંગઠીત થાય તેવી ભુખ બધાને છે. તેઓએ ઉપસ્થિત રહેવા બદલે સૌ પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરી ગામે ગામના આગેવાનો વિશ્વકર્મા પરિવાર સંગઠીત થાય તે માટેના પ્રયાસ શરૂ કરી દેશે તેવી શ્રદ્ધા પણ વ્યકત કરી હતી.

વિવિધ શહેરના આગેવાનોએ આપણા સમાજમાંથી કોઇ મંત્રીમંડળમાં નથી. તેથી જગદીશ વિશ્વકર્મા મંત્રી મંડળમાં સ્થાન પામે તેવી ઇચ્છા પણ વ્યકત કરી હતી.

આ પ્રસંગે જગદીશ વિશ્વકર્મા અને ભગવાનદાસ પંચાલનું વિવિધ રીતે સન્માન કર્યું હતું. ભાવનગરના વિશ્વકર્મા ટુડેના તંત્રી ભરત રાઠોડ અને તેની ટીમે બંને મહાનુભાવોને વિશ્વકર્મા પ્રભુજીની મૂર્તિ અર્પણ કરી હતી.

ઉપસ્થિત સૌએ પોતપોતાની સંસ્થા અને સંસ્થાની કામગીરીની ઓળખ રજુ કરી હતી. રાજકોટના વિશ્વકર્મા વિશ્વના તંત્રીએ પણ વિશ્વકર્મા વિશ્વ મેગેઝીનના વધેલા વ્યાપ અંગે માહિતી આપી હતી. રાજકોટના યોગીન છનિયારાએ પણ રાજકોટની દેશની પ્રથમ કન્યા છાત્રાલય અંગે સૌને માહિતગાર કર્યા હતા.

અખિલ ભારતીય સોની સમાજના અગ્રણી રોહિતભાઇ સોનીએ પણ પ્રાસંગીક ઉદ્‌બોધન કર્યું હતું.

અમદાવાદના નગર સેવક દિપક પંચાલ અને સાથીદારોએ આયોજન સુપેરે પાર પાડયું હતું.

# પીપળા ની પૂજા કેમ?



ઘરના આંગણામાં, ગામના ચોરામાં કે મદિર માં પીપળાના વૃક્ષ જોવા મળે છે. તેની ઘનઘોર ઘટા સાથે ઊભેલું જોવું એ એક સામાન્ય પણ મહત્વની ઘટના છે. વૈજ્ઞાનિકો દ્વારા સિદ્ધ થઈ ચૂક્યું છે કે પીપળો એક એવું વૃક્ષ છે જે રાત અને દિવસ પુષ્કળ માત્રામાં ઓક્સિજન એટલે કે પ્રાણવાયુંનું વિસર્જન કરે છે. તેનાં પાંદડાંઓ હવામાં રહેલ કાર્બન ડાયોક્સાઈડને પોતે ચૂસી લે છે અને તેના બદલામાં ઓક્સિજન બહાર ફેંકે છે. કાર્બન ડાયોક્સાઈડને ઓક્સિજનમાં ફેરવી નાખતું પીપળાનું વૃક્ષ જગત આખામાં એક જ વૃક્ષ છે.

પીપળાના વૃક્ષની છાયા ઉનાળામાં ઠંડક અને શિયાળામાં હૂંફ આપે છે. તેથી પીપળાના વૃક્ષને જગત પાલક માનવામાં આવે છે. જે ખરેખર યથાયોગ્ય જ છે. આ માટે પીપળાના વૃક્ષને આદરપૂર્વક પૂજવામાં આવે છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે પીપળાના પાન, છાલ, ફળ, મૂળ વગેરે બધી જ વસ્તુઓ કોઈ ને કોઈ રોગમાં દવા તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તેથી જ કેટલાક લોકો પીપળાના વૃક્ષને કુદરતની કરામત કહે છે.

પીપળાને પૂજવાનું અને તેને આદર આપવાનું મુખ્ય કારણ ગણીએ તો એ તેની પ્રચુર માત્રામાં ઓક્સિજન પૂરો પાડવાની ક્રીયા કરે છે અને તેને માટે તેને કોટિકોટિ વંદન છે. ગૌત્ર પૂજામાં એટલે કે પૂર્વજોને યાદ કરીને કરવામાં આવતી પૂજામાં પીપળાના પાનની પૂજા કરવામાં આવે છે, કારણ કે પીપળાના વૃક્ષને આપણા પૂર્વજોના પ્રતિક રૂપે માનવામાં આવે છે. પીપળાનું વૃક્ષ ઓછા પોષણમાં ઝડપથી વિકસે છે અને તેનો ફેલાવો પણ ઝડપથી થાય છે.

વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો.

**- ભાવિશા તલસાણિયા**

## વિશ્વકર્માં વિશ્વ વિદ્યાર્થીઓ માટે

**SSC અને HSCના જે વિદ્યાર્થીઓને 90 PR કે તેથી વધુ માર્કસ આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓના પરિણામો આવતા અંકમાં પણ પ્રસિદ્ધ થશે. ૨૫ સપ્ટેમ્બર પહેલા ઓફીસે પહોંચાડવા અથવા 90999 49565 પર વોટસએપ કરી ફોન કરવો. એન્જિનિયરીંગ કે અન્ય ફેકલ્ટીના વિદ્યાર્થીઓ પણ મોકલી શકે છે.**

# મોરબીની ભાડેશીયા હોસ્પિટલમાં બાળરોગ અને ઈએનટી વિભાગનો પ્રારંભ

## ડો. પ્રણવ ભાડેશીયા અને ડો. ભૂમિ ભાડેશિયા નવા વિભાગ સંભાળશે










મોરબીમાં પ્રખ્યાત ભાડેશીયા હોસ્પિટલમાં ડો. જયંતિભાઇ ભાડેશીયાના પુત્ર પ્રણવ ભાડેશીયા (M.D. Paedi fellow in neonatology) અને પુત્રી ડો. ભૂમિ ભાડેશીયા (M.S. ENT)ના બે વિભાગનો પ્રારંભ થયો છે. ૧૨-૭-૨૧ના રોજ બંને ડોકટરોના નવા વિભાગનું ઉદઘાટન પરિવારના વડીલોના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મોરબી બીએપીએસના હરિસ્મરણ સ્વામી તથા સરસ્વતી નિકેતનના સંત અને લેખક ભાણદેવજીએ ખાસ ઉપસ્થિત રહીને આર્શીવચન આપ્યા હતા.

મોરબીમાં ભાડેશીયા હોસ્પિટલ ૧૯૯૩થી કાર્યરત છે. આ હોસ્પિટલમાં ડો. જયંતિભાઇ ભાડેશીયા (M.S.) અને ડો. પૂર્ણિમાબેન ભાડેશીયા (MBBS) સર્જીકલ અને મેટરનીટી કાર્ય કરી રહયા છે. આ હોસ્પિટલમાં હવે વિભાગોનો ઉમેરો થયો છે. ડો. જયંતિભાઇ ભાડેશીયાના પુત્ર પ્રણવ કે જેમણે M.D. અને નવજાત શિશુના રોગમાં ઉચ્ચ અભ્યાસ કર્યા બાદ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં અને કરમશદની ક્રિષ્ના હોસ્પિટલમાં અને અમદાવાદની લીટર ફલાવર હોસ્પિટલ (Level 3 Neotatre)માં અનુભવ મેળવ્યો છે. તેઓ બાળકોનો વિભાગ સંભાળશે એક મહિનાથી નાના તથા કાચા અને જન્મથી મુશ્કેલીવાળા બાળકો અન્ય બાળરોગના દર્દીઓની સારવાર શરૂ થઇ છે. અદ્યતન સાધનોથી ૧૪ પથારી સાથેના આ નવા વિભાગમાં તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવાઇ છે.

ડો. જયંતિભાઇ ભાડેશીયાની પુત્રી ડો. ભૂમિ ભાડેશિયાએ M.S.(ENT) ની ડિગ્રી હાંસલ કરી છે. તેણીએ આ ડિગ્રી ભુજની અદાણી હોસ્પિટલમાંથી હાંસલ કરી છે અને હવે ડો. ભૂમિ પણ ડો. ભાડેશીયા હોસ્પિટલમાં જોડાયા છે અને તેઓ નાક, કાન અને ગળાના સારવારનું કામ સંભાળશે.

મોરબીની ભાડેશીયા હોસ્પિટલમાં બાળકો માટેના રોગનો વિભાગ અને ઇ.એન.ટી. વિભાગ શરૂ થતા મોરબીમાં આ બંને પ્રકારની સેવા શરૂ થતા દર્દીઓને સારી-સુવિધાજનક સારવાર મળી રહેશે. બંને નવા વિભાગના અનૌપચારીક ઉદઘાટનમાં આઇએમએના હોદ્દેદારો, ડોકટરો, સગાસ્નેહીજનોએ ઉપસ્થિત રહીને શુભેચ્છા આપી હતી.

ટુંક સમયમાં પુત્રવધુ ડો. માયા ભાડેશીયા (એમ.ડી. ઓર્થો ડેન્ટીસ્ટ) દાંતની સારવાર અને નવા દાંત બેસાડવા વિગેરેનો વિભાગ શરૂ કરશે.

# તાઉતે વાવાઝોડા દરમિયાન સ્વાધ્યાય પરિવારની અકલ્પનીય કામગીરી

## ઉના, રાજુલા અને જાફરાબાદના ૩૦૦ જેટલા ગામોમાં ભગવાનના પ્રસાદ તરીકે દસ લાખ નળીયા, ૭૦ હજાર સ્ક્વેર મીટર સિમેન્ટ પતરા અને ૪૦ હજાર સ્ક્વેર ફૂટ લોખંડના પતરા પહોંચ્યા





પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી પ્રેરિત સ્વાધ્યાય કાર્ય ના અક્ષરશઃ હજારો સ્વાધ્યાયી કૃતિશીલો ઉના, રાજુલા અને જાફરાબાદના ૩૦૦ જેટલા ગામોમાં તાઉતે વાવાઝોડા બાદ થયેલી વિનાશક અસરો ને પહોંચી વળવા જનસામાન્યને દૈવી ભાઈ તરીકે રાશન કીટ, નળીયા, સિમેન્ટ ના પતરા અને લોખંડના પતરા અને આવી તો અનેક વસ્તુઓ પ્રભુ પ્રસાદ તરીકે પહોંચાડી છે.



પૂજનીય દાદાજી હંમેશા કહે છે કે, પ્રભુ જે રીતે મારું જીવન ચલાવે છે તે જ રીતે બીજાનું જીવન ચલાવે છે અને તેથી જ બીજો એ બીજો નથી પણ મારો દૈવી ભાઈ છે. અને તેથી જ ભાઈને મદદ કરવાની ભાષા ન હોઇ શકે. પરંતુ પ્રભુ પ્રસાદ તરીકે આવશ્યક ચીજવસ્તુઓ પહોંચાડવાની હોય. અને સ્વાધ્યાયની ભક્તિપૂર્ણ આ બેઠક પર જ કોઈ પણ જાતિ જ્ઞાતિ, ધર્મ ના ભેદ વિના આ તાલુકાઓના ગામોમાં રાશન કીટ, ૧૦ લાખ જેટલાં નળીયા, ૭૦ હજાર સ્ક્વેર મીટર સિમેન્ટ પતરા અને ૪૦ હજાર સ્ક્વેર ફૂટ લોખંડના પતરા ભગવદપ્રસાદ તરીકે પહોંચ્યા છે. અને આ બધાની સાથે હજારો સ્વાધ્યાય કૃતિશીલોનો ભક્તિની બેઠક પર નો માનવશ્રમ વાવાઝોડાની વિઘાતક અસરો બાદ એક વિશેષ છાપ છોડી ગઈ છે.

આ ગામોમાં સ્વાધ્યાય કૃતિશીલ ભાઈઓ ગયા, અને ભગવાન ના દીકરા તરીકે બીજી વ્યક્તિને મળ્યા. જે ગામોમાં માણસોને કે પછી પશુઓને પીવાના પાણીની વ્યવસ્થા ન થતી હોય, લાઈટ હજુ આવી ન હોય અને તેવા સમયે ટ્રેક્ટર અને જનરેટર દ્વારા હજારો અને લાખો લોકો સુધી અને એ જ રીતે પશુઓની પણ ચિંતા કરીને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવાયું છે. તાઉતે વાવાઝોડાના વાવાઝોડા ના બીજા જ દિવસથી આ ભગીરથ કારી શરુ થયું જે આજ દિન સુધી ચાલી રહ્યું છે. આ માટે ભક્તિની બેઠક પર જોડાનાર સ્વાધ્યાયી કૃતિશીલોમાં કોઈ ડોક્ટર છે તો કોઈ એંજિનિયર, કોઈ પ્રોફેસર છે તો કોઈ ઉદ્યોગપતિ, કોઈ ખેડૂત છે તો કોઈ સાગરપુત્ર. પણ આવી કોઈ ડિગ્રી કે ભણતરની પરવા કર્યા વિના આ બધા તો છે પ્રભુસૈનિક.આ તમામ સ્વાધ્યાયી કૃતિશીલો પોતપોતાનું ટાઈમ ટિફિન ટિકિટ લઈને જોડાય છે. આ માનવશ્રમ અકલ્પનીય રીતે મોટો એટલાં માટે છે કે દરરોજનું પાંચથી છ હજાર લીટર ડીઝલ આ માટે વપરાયું હોય તો માનવશ્રમની તો ગણના જ કઈ રીતે થઈ શકે!

આ સાથે જ અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોના કાળમાં પણ સ્વાધ્યાય પરિવાર દ્વારા સૌરાષ્ટ્રના ૧૨ જીલ્લાઓમાં ૫૦૦ જેટલાં જમ્બો ઑક્સીજન સિલિન્ડર, અનેક સેનીટાઇઝર સ્પ્રેયર જમ્બો મશીન, ૧૦ જેટલાં ઑક્સીજન કોન્સન્ટ્રેટર અને પાંચ વેન્ટિલેટર પણ અપાયા છે. અને આ બધુ જ મદદ કે સહાયના કોઈ પણ ભાવ વગર માત્રને માત્ર ભક્તિની બેઠક પર થઈ રહ્યું છે.

## ૪૦ જેટલા મોટા જનરેટર અને અસંખ્ય નાના જનરેટર સાથે મનુષ્ય શક્તિ ભક્તિના માધ્યમથી ટાઈમ ટિફિન ટિકિટ લઈને જોડાઈ : રોજ નું પાંચથી છ હજાર લીટર ડીઝલ વપરાયું

## વિશ્વ સર્જનહાર સંગઠન આયોજીત

# વેકસીનેશન કેમ્પમાં એક માસમાં ૬૭૦૦ નગરજનોનુ ફ્રી વેકસીનેશન

## નિરંતર ચાલનાર કેમ્પ ભાજપના આગેવાને બંધ કરાવ્યો








સુરતમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત એવા વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા સુરત મહાનગરપાલિકાના સહયોગથી ૨૩/૬ના રોજથી વેકસીનેશન કેમ્પ શરૂ કરવામાં આવ્યો હતો. અત્યારે વડાપ્રધાનથી માંડીને ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પણ વધુને વધુ લોકો વેકશીન લે તે માટેની અપીલ કરી રહયા છે. અને આ અપીલના ભાગરૂપે વધુમાં વધુ લોકો વેકસીન લે અને કોરોનાથી સુરક્ષા મેળવે તેવા હેતુથી શરૂ કરાયેલ આ વેકસીનેશન કેમ્પ અવિરત ચાલુ રાખવાનું આયોજન હતું. પરંતુ એક મહિનો કેમ્પ ચાલ્યા બાદ ભાજપના સ્થાનિક આગેવાનોએ વિરોધ કરી કેમ્પ બંધ કરાવ્યો. જો કે એક મહિનામાં ૬૭૦૦ લોકોએ વેકસીનનો લાભ લઇ કોરોનાથી સુરક્ષીત બની ગયા છે. પાસોદરા પ્રાથમીક શાળામાં યોજાયેલ આ ફ્રી વેકસીનેશન કેમ્પની સાથે કોરોના રેપીડ ટેસ્ટ અને જનધન એકાઉન્ટ કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. સાથોસાથ પથવિજય ભગવાન ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે આયુર્વેદિક દવાનું વિતરણ પણ કરવામાં આવ્યું.

ગુજરાતના કોઇ શહેરમાં કોઇ સંસ્થા દ્વારા એક મહિનો ફ્રી વેકસીનેશન કેમ્પ ચલાવાયો નથી. એક માત્ર સુરતની વિશ્વ સર્જનહાર સંગઠને સુરત મહાનગરપાલિકાના સહયોગથી આવુ લાંબાગાળાનું આયોજન કર્યું જે ગૌરવપ્રદ ઘટના છે.

વેકસીનેશન કેમ્પનું દરરોજ સમાજના આગેવાનો, ધારાસભ્યો, રાજકીય આગેવાનોના વરદ હસ્તે ઉદઘાટન કરવામાં આવતું અને દરરોજ વિશ્વકર્મા ભગવાનનું પુજન અર્ચન થતું. ધારાસભ્ય વી.ડી. ઝાલાવડીયા, કોર્પોરેટર રાજુભાઇ જોળીયા, એચ.ડી. બગદાણા, પરેશભાઇ ભાલાળા, કનુભાઇ ગેડીયા, મહેશભાઇ અણઘણ, ધર્મેશભાઇ ભંડેરી, પોલીસ અધિકારી પી.આઇ. પરમાર, એસએમસી અધિકારી, અજીતભાઇ ભટ્ટ, ભાવેશભાઇ સાવલીયા, પૂર્વ જી.પં. પ્રમુખ પ્રીતીબેન પટેલ, બળવંતભાઇ પટેલ, ડેપ્યુટી કલેકટર દિનેશભાઇ કાછડીયા, ભારતી આશ્રમના હરિહરાનંદ બાપુ, મહંતશ્રી પરમપુજય બટુકગીરી બાપુ, હિતેશભાઇ મિસ્ત્રી મિત્ર ચેનલ, ગુ.સુ. પ્રમુખ કિશોરભાઇ ઉચડીયા, વરાછા બેંકના ચેરમેન, ભવાનભાઇ નવપરા, તેમજ વિવિધ સંસ્થાના આગેવાનોએ ઉપસ્થિત રહયા અને દીપ પ્રાગટય કર્યું. તમામ મહાનુભાવો વિશ્વ સર્જનહાર સંગઠન દ્વારા સન્માનપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે પ્રેમાળ જીવદયા ટ્રસ્ટી દ્વારા વિશ્વ સર્જનહાર સંગઠનને ટ્રોફી આપી સંગઠનના સભ્યોને સન્માનીત કરાયા હતા.

વિશ્વ સર્જનહાર સંગઠન સુરતના હોદ્દેદારો અધ્યક્ષશ્રી, વિજયભાઇ ગુંદર, પ્રમુખશ્રી દિપકભાઇ દેવળીયા, ઉપપ્રમુખશ્રી જયંતીભાઇ પીઠવા, મંત્રીશ્રી દિનેશભાઇ માંડવીયા, સહમંત્રી હરેશભાઇ જાદવાણી, ખજાનચી બિનીતાબેન દેવળીયા, ટ્રસ્ટીઓ કાનજીભાઇ,તલસાણીયા, નરેશભાઇ ડોડીયા, કિશોરભાઇ માંડવીયા, રાજુભાઇ બોરાણીયા, રસિકભાઇ ઝિંઝુવાડીયા, કૌશિકભાઇ પ્રજાપતિ, કેમ્પમાં રોજ સેવાઆપે છે. તેમ પ્રમુખશ્રી દિપકભાઇ દેવળીયા જણાવ્યું હતું. ૨૦૧૮થી ચાલતા સંગઠન અનેક સેવા પ્રવૃત્તિ કરી છે. કોરોના કાળમાં સિવિલ હોસ્પિટલમાં બહાર દર્દીના સગાઓ માટે, ચા-પાણી નાસ્તા અને લીંબુ પાણીનો કેમ પાસોદરામાં આયુર્વેદિક દવા અને ઉકાળા કેમ્પ, અને ડાંગ જિલ્લામાં રહેતા ગરીબ આદિવાસી ભુલકાઓને ૩૫૦૦થી વધારે સુકા નાસ્તાની કીટ, અને ૬૦૦૦ જોડી નવા-જુના કપડા, વૃદ્ધ મહિલાઓને ધવ અનાજ કીટ વિતરણ કરી છે. પાસોદરા અને આજુબાજુના વિસ્તારના તમામ લોકોને વેકસીન, અને સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે વિશ્વ સર્જનહાર સંગઠનની ટીમ સમાજ સેવા અને વિશ્વકર્મા વંશજોને માનસિકતા અને આર્થિકતાની મદદ કરવા હર-હંમેશા કટીબદ્ધ છે.

## સંપાદકની વાત...



બાળમિત્રો, આનંદમાં? ચોમાસની ઋતુ ચાલી રહી છે. વાદળ ગરજે અને વીજળી થાય ત્યારે તમને કેટલાયે પ્રશ્નો થતા હશે, મેઘ ધનુષ જોઈને પણ સવાલ થતા હશે. આ સારી બાબત છે.તમારી આસપાસમાં વિજ્ઞાન જોવા પ્રયત્ન કરજો,તમારી જિજ્ઞાસાવૃત્તિને જગાડજો.

વડીલો સાથે વાત કરી લઈએઃ રવીન્દ્રનાથ ટાગોરના વિચારો નોંધવા જેવા છે : ''જો બાળકોને બાળક તરીકે જ રહેવા દેવામાં આવે અને તેમની જિજ્ઞાસાવૃત્તિને સંતોષવામાં આવે તો બાળઉછેરનો પ્રશ્ન સાવ સરળ બની જાય.મુશ્કેલી તો ત્યારે જ ઊભી થાય છે જ્યારે એમને સરકસનાં પશુઓની જેમ તાલીમ આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે.''

આવજો... આ વિભાગમાં રજુ થતું બાળસાહિત્ય આપ સૌને પસંદ પડે છે, જાણીને આનંદ થયો.

**- સંપાદક : મો. નં. ૯૯૭૯૨ ૩૭૨૫૯**

# સફરજનનું ઝાડ (બાળવાર્તા)

**- લેખકઃ ડો. ધર્મેન્દ્ર પટેલ**

એક નાનકડું શહેર હતું.

શહેરમાં એક નાનો બગીચો હતો.

બગીચામાં જાત જાતના- ફૂલ - છોડ વાવેલાં હતાં અને ભાત - ભાતનાં રંગ- બેરંગી પતંગિયા ત્યાં ઉડતા હતા. બગીચામાં કેટલીય જાતનાં નાના મોટાં ઝાડ ઉગ્યાં હતાં. ઝાડ હતાં ને ઝાડ પર પંખીઓના માળા પણ હતા.પંખીઓના કલશોરથી આખો બગીચો ગાજી ઉઠતો. પંખી રાજી તો ઝાડ રાજી. ઝાડ રાજી, તો આખો બગીચો રાજી !



બગીચામાં આંબો, લીમડો, વડ, પીપળો, આંબલી ને રાયણના ઝાડ હતાં. આ બધાંની સાથે એક સફરજનનું ઝાડ પણ હતું. આ સફરજનનું ઝાડ ભારે અક્કડ અને અભિમાની.કોઈ સાથે બોલે પણ નહીં.બસ, એને તો પોતાનાં કિંમતી ફળનું ગુમાન હતું.કોઈ એની સાથે વાત કરવા માંગે તો તરત જ સંભળાવી દેઃ ''તમે ક્યાં ને હું ક્યાં ? હું કેટલું કિંમતી છું તેની ખબર છે તમને ? ને તમે કેવાં લઘરવગર લાગો છો. છી! તમારી સાથે વાત પણ કોણ કરે ?''

બિચારાં બીજાં ઝાડવાં ! એ તો સફરજનના ઝાડની આવી વાત સાંભળી દુઃખી થઈ જાતાં.

વળી, ફળ આવે ત્યારે તો એનું અભિમાન વધી જતું. કોઈ પંખીને પાસે આવવા જ ન દે, પછી ફળ તો શાનું ખાવા દે !

પંખીઓએ બગીચાના બીજા ઝાડને વાત કરી. બધાં ઝાડે સફરજનના ઝાડને સમજાવ્યું, પણ એ માન્યું નહિ.

બગીચાના સૌથી મોટા એવા ઘરડાં વડલાએ સફરજનના ઝાડ ને સમજાવતાં કહ્યું,''આપણને ભગવાને ફળ બીજાને ખવડાવવા આપ્યાં છે.તું પણ તારા મીઠાં ફળ પંખીઓને ખાવા દે.''

સફરજનના ઝાડને વડલાની શિખામણ જરાય ગમી નહિ. એ તો છણકો કરીને બોલ્યું,''તે તમારા બધાનાં ફળ ખાવા દો ને ! મારે ખવડાવવા કે ન ખવડાવવા એ મારી મરજી, સમજ્યા?''

વડલો નિરાશ થઈ ગયો.પણ એ હિંમત હાર્યો નહિ , એણે બધાં પંખીઓને બોલાવ્યાં અને કહ્યું, ''વહાલાં પંખીઓ, જુઓ, સફરજનનું ઝાડ આપણી વાત માનતું નથી માટે આપણે પણ એની પાસે જવાનું બંધ કરી દઈએ .કોઈ ઝાડે એની સાથે બોલવાનું નહિ ને કોઈ પંખીએ એની પાસે

જવાનું નહિ, બરાબર ને ?''

બધાએ વડલાની વાત માની.સફરજનના ઝાડ પાસે જવાનું બંધ, એની સાથે બોલવાનું બંધ, સફરજનના ઝાડને તો જાણે મજા પડી ગઈ ! સમય વીત્યો. ઋતુ બદલાઈ ગઈ. બધાં ઝાડ પર ફળ આવ્યાં.

સફરજનના ઝાડ પર પણ લાલ મીઠાં સફરજન આવ્યાં. આખું ઝાડ સફરજનથી ભરાઈ ગયું. પાંદડાં જેટલા સફરજન આવ્યાં. સફરજનના ઝાડનું તો અભિમાન વધી ગયું. બહારથી કોઈ નવું પંખી ભૂલથી પણ આવી ચઢે તો એને ધમકાવી ઉડાડી મૂકે. બિચારું પંખી ! ગભરાઈને રડતું રડતું ઊડી જાય.

ફળ તો આવ્યાં પણ કોઈએ ખાધાં નહિ. ધીમે ધીમે સફરજન પાકી ગયા અને પાકેલા ફળ નીચે ખરી પડ્યાં. ઝાડના થડ પાસે સફરજનનો ઢગલો થઈ ગયો.થોડા વખતમાં તો નીચે પડેલાં બધાં સફરજન સડવા લાગ્યાં. અરે, સડેલાં સફરજનમાં કીડા પણ પડી ગયા. સફરજનનું ઝાડ દુર્ગંધથી અકળાઈ ગયું અને માથું ફાટવા લાગ્યું, પણ કરે શું ?

પછી તો કીડા સફરજનનાં ઝાડ પર ચઢવા લાગ્યા અને ચટકા ભરવા લાગ્યા. અકળાઈને રડવા લાગ્યું. અને બાજુમાં વડલાને વિનંતી કરી. વડલાએ પંખીઓને સફરજનના ઝાડ પર જવા કહ્યું. પંખીઓ ઉડ્યા અને બેઠાં સફરજનના ઝાડ પર અને ઝાડ પર ચઢેલા કીડાને વીણી વીણીને ખાવા લાગ્યાં.થોડીવારમાં તો બધાં કીડા પૂરા થઈ ગયા.

ઝાડને રાહત થઈ. એણે રાજી થઈ બધાં પંખીઓનો આભાર માન્યો.

હવે, એ બગીચામાં બધાં સાથે વાતો કરવા લાગ્યું.પંખીઓ આવતાં ને ઝાડ પર બેસતાં , વાતો કરતા. બગીચામાં બધાંને આનંદ થયો.

(સૌજન્યઃ બાલસેતુ)

## : એક વિચાર :

**આપણે ઇચ્છીએ તેમ બાળકને ઘડી શકીએ તેવું એ મીણનું પૂતળું નથી, પણ તેનું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. આ સમજીને આપણે તેનાં વિકાસ માટે સગવડ કરી આપવાની છે.**

- મેડમ મોન્ટેસોરી (સૌજન્યઃ બાલમૂર્તિ)

## : ઉખાણું :

**એવું ક્યું ફળ છે કે જે નામ અને રંગમાં એક જ હોય ?**


**(જવાબઃ નારંગી.)**


રચયિતા; મિત્વા જોશી (સૌજન્યઃબાલસેતુ)

## જોડકણાં

### ઝરણું

કલકલ ગાતું જાતું ઝરણું,
ફલ્યું ના સમાતું ઝરણું,
ડુંગરથી દડદડતું ઝરણું;
મહાસાગરને મળતું ઝરણું.





### નદી

રૂમઝૂમ કરતી ચાલે નદી,
લોકમાતા કહેવાતી નદી,
આગળ આગળ જાતી નદી;
દરિયામાં એ ભળતી નદી.

**- રત્નાકર નાંગર**
**(સૌજન્યઃ મનગમતાં જોડકણાં)**

## પ્રેરક પ્રસંગ

**ગાંધીજીના અંતેવાસી મહાદેવભાઈ દેસાઈના દીકરા આદરણીય નારાયણ દેસાઈના જીવનનો પ્રસંગ.**

### બાપની પીઠ

નાનપણમાં કાકા – પિતાજીના ખભા પર ચઢતો કે પીઠ પર વળગતો જોઈને એક ધનવાન કુટુંબની દીકરીએ કહેલુંઃ 'એકનો એક છે એટલે મહાદેવભાઈએ લાડ લડાવીને બગાડી મૂક્યો છે.'

કાકા – પિતાજીએ એના જવાબમાં કહેલું, 'આ દીકરા પાસે રમવાનું સાધન બાપની પીઠ જ છે.બગાડવાનો તો મને અવકાશ જ ક્યાં મળે છે ?'

**- નારાયણ દેસાઈ (સૌજન્યઃ બાલને કરીએ વહાલ.)**



### હસી લઈએ–

બાળક : ''પપ્પા, પેલું કૂતરું મને કરડવા માંગતું હતું,પણ પછી ના કરડ્યું!''

પપ્પા : ''એમ કેમ ?''

બાળકઃ ''એને યાદ આવી ગયું કે કાલે તો એ મારી સામે ભસેલું !''

**- સૌજન્યઃ બાલને કરીએ વહાલ.**

# સૌનુ મન હરનારા મનહરભાઇની સેવા સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે

**શબ્દાંજલી : પ્રવીણ ગજજર**



સુથારી કામથી શરૂ કર્યા બાદ ઓઇલ એન્જિન પાર્ટસ, કેમ, કેમશાફટ, અને થ્રસ બેરીંગ અને મશીન ટુલ્સ ક્ષેત્ર જેવા ઔદ્યોગિક ક્ષેત્રે પદાર્પણ કરી ગુજરાતમાં પાઉચ પેકીંગ મશીનરીના ઉત્પાદન શરૂ કરી આ ક્ષેત્રમાં દેશભરમાં નામ ગુંજતું કરવાની સાથોસાથ સમાજ સેવામાં પણ અગ્ર ભાગ ભજવવા ઉપરાંત ગુર્જર સુતાર જ્ઞાતિના અધ્યક્ષ પદે રહી સમાજની વિવિધ સેવા કરનાર અને નામ તેવા જ ગુણ ધરાવનાર એટલે મનહરભાઇ (સૌનુ મન હરી લે તેવા) કરગથરા આજે આપણી વચ્ચે નથી.

કારમા કોરોનાએ ૧૭ જુન-૨૧ના મનહરભાઇનો ૬૮ વર્ષની વયે જીવ હણી લીધો. મનહરભાઇ હવે આપણી વચ્ચે નથી પણ તેમણે આપેલ ઔદ્યોગિક પ્રદાન અને તેમણે આપેલ સેવાની સુગંધ સદાય મધમધતી રહેશે.

મુળ જેતપુરના અને જેતપુર જ રહેતા વાલજીભાઇ ગોરધનભાઇ કરગથરા યુવાન વયે વેસ્ટ બેંગાલ ગયા અને આંતરરાષ્ટ્રીય બ્રીટીશ કન્સ્ટ્રકશન કંપની ગેમન ઇન્ડિયા પ્રા.લિ.માં ૧૯૫૦ની આસપાસ જોડાયા હતા અને વિવિધ રાજયમાં જયાં કંપનીના કામ ચાલતા ત્યાં કામ કર્યુ અને ૧૦ વર્ષ આ બ્રીટીશ કંપનીમાં સેવા આપ્યા બાદ જેતપુર આવ્યા અને જેતલસરમાં કિર્તી એન્જિનિયરીંગના નામથી ત્રણ ભાગીદારો સાથે ખેતીવાડીના ઓજારો બનાવવાનું શરૂ કર્યું. ૭ થી ૮ વર્ષ આ કારખાનું ચલાવ્યા બાદ તેઓ રાજકોટ આવ્યા. જેતપુરના એવા કરગથરા પરિવારના વાલજીભાઇ ગોરધનભાઇ કરગથરાના ત્રણ પુત્ર સંતાન પૈકીના મનહરભાઇ સૌથી મોટા તેમનો જન્મ જુનાગઢ જીલ્લાના ધંધુસર ગામમાં મોશાળમાં થયો. પ્રાથમિક શિક્ષણ જેતપુરમાં લીધું. જેતપુરમાં યુવાન વયે સુથારી કામથી કારકિર્દીની શરૂઆત કરી. ૧૯૭૦માં જેતપુરથી રાજકોટ આવીને એકાદ વર્ષ સુથારી કામ. પરંતુ કંઇક કરી છુટવાની ભાવનાએ તેમણે કારખાનું નાખવાની ઇચ્છા થઇ અને ૧૯૭૧માં ભકિતનગર સ્ટેશન પ્લોટ ૧૨બીમાં જય ઇન્ડસ્ટ્રીઝના નામથી કારખાનાનો પ્રારંભ કર્યો. જેતપુરથી આખો પરિવાર રાજકોટ આવ્યો ત્યારે મનહરભાઇના બે નાના ભાઇ અરવિંદભાઇ અને ચંદુભાઇ પણ રાજકોટ આવ્યા. ત્રણે ભાઇઓ પણ સાથે જ ધંધામાં જોડાયા. શરૂઆતમાં થોડા વર્ષ કેમ શાફટનું જોબ કામ કરતા. આ સમયે લેથ મશીન બહુ ઓછા બનાવતા. તેથી લેથ મશીન બનાવવાનો વિચાર આવ્યો અને ૧૯૮૦થી સાડા પાંચ ફુટથી માંડી ૧૫ ફુટ સુધીના લેથ મશીન બનાવવાનું શરૂ કર્યું. 'મીનાર' બ્રાન્ડથી બનેલા લેથ મશીનની સારી માંગ ઉભી થઇ અને તે સમયે લેથ મશીન બનાવતા આઠેક જેટલા ઉત્પાદકોમાં 'મીનાર'નું નામ ગાજતુ કર્યું. ભકિતનગર સ્ટેશન પ્લોટની જગ્યા નાની પડતા ગોંડલ રોડ પર મેહુલ એસ્ટેટમાં કારખાનાનું સ્થળાંતર કર્યું.

કંઇક નવું કરવાની ભાવનાની સાથોસાથ ભવિષ્યની જરૂરીયાતને ધ્યાનમાં લઇને ત્રણેય ભાઇઓએ સાથે ૧૯૮૨-૮૩માં પાઉચ પેકીંગ મશીન બનાવવાની શરૂઆત કરી. સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝમાં કિર્તી એન્ટરપ્રાઇઝના નામથી શરૂ કરાયેલ. આ ઇન્ડસ્ટ્રીઝમાં 'કોર્નાક' બ્રાન્ડથી પાઉચ પેકીંગ મશીન બનાવવાનું શરૂ કર્યું. આ સમયે ગુજરાતમાં પાઉચ પેકીંગ મશીન કોઇ બનાવતુ ન હતું. તેથી દેશભરમાં આ મશીનની ડીમાન્ડ ઉભી થઇ.

૨ ગ્રામથી લઇને ૫૦૦ ગ્રામ સુધીના પાઉચ પેકીંગ મશીન કોનાર્ક દેશભરમાં જાણીતા થયા. સી. સોમાભાઇની ચા, ઠાકરશી ચા, શ્રીતલ અને ધાણાદાળ જેવી અનેક જાણીતી બ્રાન્ડના ઉત્પાદન 'કોનાર્ક' બ્રાન્ડના મશીનમાં પેકીંગ થવા લાગ્યા. આમ 'કોનાર્ક બ્રાન્ડ' પાઉચ પેકીંગ મશીનમાં પાયોનીયર બની.

ધંધો વધવાની સાથે મોટી જગ્યાની જરૂરીયાત થતા ૧૯૮૫ના અરસામાં ગોંડલ રોડ પર ૨૨૦૦ ફુટની વિશાળ જગ્યા લીધી જયાં આજે પણ મીનાર લેથનું ઉત્પાદન થાય છે. જય ઇન્ડસ્ટ્રીઝ 'મીનાર'નું સંચાલન કેતનભાઇ અરવિંદભાઇ કરગથરા કરે છે.

જરૂરીયાત ઉભી થતા ગોંડલ રોડ ફાટક પાસે 'કાવેરી

એન્ટરપ્રાઇઝ'ના નામથી માર્કેટીંગ યુનિટની ઓફીસ શરૂ કરી જયાંથી મનહરભાઇ માર્કેટીંગ સંભાળતા હતા.

મનહરભાઇનું સમાજ સેવાક્ષેત્રે પણ નોંધનીય પ્રદાન છે. તેઓ રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરમાં વર્ષોથી સક્રિય હતા. તેઓ ૨૦૦૬-૦૭માં રોટરી કલબના પ્રમુખ પણ બન્યા. તેમના પ્રમુખ પદ કાર્યકાળ દરમિયાન રોટીરીએ અનેક સેવાકીય પ્રકલ્પો હાથ ધર્યા. તેઓના પ્રમુખપદ હેઠળ જ રોટરી કલબ રાજકોટ-ગ્રેટર દ્વારા સૌરાષ્ટ્રની નામાંકિત રાજકોટની કીડની હોસ્પિટલમાં ડાયાલીસીસ મશીન અર્પણ થયા. અને રોટરી કલબના નામથી ડાયાલીસીસ સેન્ટર શરૂ કર્યું. આજે પણ મનહરભાઇના નેજા હેઠળ શરૂ કરાયેલા આ ડાયાલીસીસ સેન્ટરમાં અનેક જરૂરીયાતવાળા દર્દીઓ ડાયાલીસીસ કરાવવાનો લાભ લઇ રહયા છે.

રાજકોટ ગુર્જર સુથાર જ્ઞાતિમાં પણ મનહરભાઇનું યાદગાર યોગદાન છે. ૧૬/૯/૧૫ના રોજ ગુર્જર સુતાર જ્ઞાતિની ચૂંટણી થયા બાદ ટ્રસ્ટી મંડળે મનહરભાઇ કરગથરાને જ્ઞાતિના અધ્યક્ષ તરીકે સર્વાનુમતિથી પસંદ કર્યા હતા. ચૂંટણીના બીજા વર્ષથી એટલે ૨૦૧૬માં વિશ્વકર્મા જયંતિના દિવસે વર્ષોથી બંધ રખાતા સમુહલગ્નની મનહરભાઇના અધ્યક્ષપદેથી શરૂઆત થઇ.

રાજકોટમાં વિશ્વકર્મા જયંતિની ઉજવણી અગાઉ એક દિવસ જ થતી હતી પરંતુ ૨૦૧૬ પછી મનહરભાઇ કરગથરાના અધ્યક્ષ હેઠળની કમિટીએ વિશ્વકર્મા જયંતિની ઉજવણી બે દિવસ કરવાનો પ્રારંભ કર્યો અને વિશ્વકર્મા જયંતિની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાની શરૂઆત કરી. વિશ્વકર્મા જયંતિના પૂર્વ દિને રેસકોર્ષના મેદાનમાં જામખંભાળિયાની આંતરરાષ્ટ્રીય કલા મંડળીનો રાસનો કાર્યક્રમ યોજાયો હતો. જેનો લાભ સમગ્ર રાજકોટના સમાજે લીધો હતો. મનહરભાઇ અધ્યક્ષ હતા ત્યારે ઉપાધ્યક્ષ તરીકે તેમની સાથે કામ કરવાનો લહાવો પણ આ લખનારને મળ્યો હતો.

મનહરભાઇ કરગથરાના લગ્ન પોરબંદરમાં પ્રભુદાસ ગોવિંદીયાની પુત્રી કુસુમબેન સાથે ૧૯૭૬માં થયેલા મનહરભાઇને સંતાનમાં ૨ દિકરીઓ છે. બંને દિકરીઓને મનહરભાઇએ ઉચ્ચ શિક્ષિત બનાવી. મનહરભાઇની મોટી દિકરી પુજા રાજન વડગામા રાજકોટના માધાપર પાસે રહે છે. જયારે નાની પુત્રી દીપા વીરલભાઇ દશાડીયા મોરબી રહે છે.

મનહરભાઇના ભાઇ અરવિંદભાઇ અને સાથીદારોએ રાજકોટના કરગથરા પરિવાર શરૂ કર્યો. અને પારીવારીક કાર્યક્રમો થયા તેમાં પણ મનહરભાનો સિંહ ફાળો રહેતો.

મનહરભાઇ, અરવિંદભાઇ અને ચંદુભાઇ આ ત્રણેય ભાઇઓની મહેનત-ધગશ અને આવડતથી શુન્યમાંથી સર્જન થયું અને ઔદ્યોગિક ક્ષેત્રે નામના મેળવી હવે ત્રણેય ભાઇઓમાંથી મનહરભાઇએ ભલે આપણી વચ્ચેથી વિદાય લીધી પણ તેમની પરિવાર ભાવના, સાલસ સ્વભાવ અને સમાજ સેવાની સુગંધ સદાય સમાજમાં મધમધતી રહેશે.

## શ્રી સુથાર સમાજ ગુજરાતના સૂત્રધારોની વરણી



સમગ્ર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજયનું પ્રતિનિધિત્વ કરતી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી સુથાર જ્ઞાતિજનોની વડોદરા ખાતે આવેલી સંસ્થા શ્રી સુથાર સમાજ ગુજરાતની રાજયસ્તરીય બેઠક તાજેતરમાં સરકારશ્રીના ધારાધોરણ મુજબ મળી હતી જેમાં હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ઠાકોર મિસ્ત્રી, ઉપપ્રમુખ નિખીલભાઇ ગજ્જર, ઉપપ્રમુખ દિનેશચંદ્ર સુથાર બોરસદ તથા મંત્રી તરીકે સંજય ગજજરની સર્વાનુમતે વરણી કરવામા આવી છે.

રાજયસ્તરે બક્ષીપંચના લાભો તથા સરકારશ્રીની વિવિધ યોજના અંગે તથા કેન્દ્રસ્તરે સફળ રજુઆતોને કારણે જ્ઞાતિનો કેન્દ્રીય ઓ.બી.સી.માંસમાવેશ થયો છે. કેન્દ્ર સરકારના ગેઝેટ સાથે સંયોગીક કાગળો પણ સંસ્થામાં ઉપલબ્ધ છે જે દ્વારા કેન્દ્રીય લાભો મેળવવા સમાજનો સંપર્ક કરવા જણાવાયું છે.


## ગુજરાત સુથાર સમાજની પરિચય પુસ્તિકામાં નામ નોંધાવવા જોગ

ગુજરાત સુથાર સમાજના રાજય એકમના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી મેવાડા, ગજ્જર, વૈશ્ય અને પંચોળી જ્ઞાતિજનોને જણાવે છે કે સમાજની રાજયસ્તરીય પરિચય પુસ્તિકામાં નામ નોંધાવવા અપરણિત યુવક-યુવતીઓએ ૩૧ ઓગસ્ટ ૨૦૨૧ સુધી સમયસર ફોર્મ ભરી દેવાના રહેશે.

સુથાર જ્ઞાતિના અપરણિત યુવક-યુવતીઓ હોય કે છુટાછેડા થયેલ હોય કે શારીરિક ખોડખાપણ હોય તેવા દેશ અથવા પરદેશમાં વસતા યુવક-યુવતીઓ પરિચય પૂસ્તિકામાં નામ નોંધવવા ઇચ્છતા હોય તેઓએ સમાજની ઓફિસેથી ફોર્મ મેળવી તેમજ બહારગામ રહેતા હોય તેઓ પત્રવ્યવહારથી ફોર્મ મેળવી બે પાસપોર્ટ સાઇઝ ફોટા સાથે સમાજની ઓફિસે રૂબરૂ કે પોસ્ટ દ્વારા સંપર્ક કરવો જરૂરી છે.

વધુ માહિતી કે માર્ગદર્શન માટે મંત્રી સંજયભાઇ ગજજર, ગુજરાત સુથાર સમાજ, મરીમાતાનો ખાંચો, સુરસાગર સામે, દાંડિયા બજાર, વડોદરા સોમ થી શનિ સવારે ૧૧-૦૦ થી ૧.૦૦ અને સાંજે ૪.૦૦ થી ૫.૩૦ સુધી અથવા ટેલીફોન નં. ૭૯૮૪૧૭૯૬૦૦થી સંપર્ક સાધી શકશે.

# બાળપણ યાદ આવી જાય એવું પુસ્તક : 'થપ્પો દા – સફર આપણા બાળપણ'






થપ્પો દા શબ્દ સાંભળીને જ આપણને આપણું બાળપણ યાદ આવી જાય છે આવી જ એક બુક પ્રકાશિત થઈ ચુકી છે જેનું નામ છે ''થપ્પો દા - સફર આપણા બાળપણની''. જેના સંકલન કર્તા ભાવિશા તલસાણીયા, તેમજ થપ્પો દા બુકનું કવર પેજ તથા બુકની આંતરિક ડિઝાઇન જયદીપ પંડ્યાએ કરેલ છે. જેમાં ૪૦ સહ-લેખકોએ પોતાના બાળપણની યાદોને કવિતા, વાર્તા અને શાયરી દ્વારા રજુ કરેલ છે. બુકનું વિમોચન કોમેડિયન જય છનિયારા, આર જે આકાશ, આર જે જય તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શક એવા દર્શિત ગોસ્વામી દ્વારા કરવામાં આવી છે. સાથોસાથ ભૌતિકભાઈ ઠક્કર(મેથ્સ ગુરુ), જગતદાન ગઢવીભાઈ, મનસુખ સાબળિયા, મોહેન્દ્રસિંહ વર્મા, હર્ષિલ સોની, અશ્વિન સરવૈયા, પી. આનંદ તેમજ હેમાંગીની ગોર દ્વારા આ બુકની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. આ બુક એમેઝોન, ગૂગલ પ્લે બૂક્સ, ફ્લિપકાર્ટ અને એમેઝોન કિન્ડલમાં તમને બધાને મળી રહશે. થપ્પો દા બુક વાંચીને તમે બધા પણ તમારા બાળપણની યાદોના સફરને તાજું કરો એવી આશા સાથે આભાર સહ...

અમારી સાથે તમારી બુક લખવા Instagramમાં સંપર્ક કરો bhavishagajjar216 અને jp.means.just.perfect તમારી લખેલી શાયરી, વાર્તાઓ, વગેરે અમને ઇન્સ્ટાગ્રામ આઈ ડી writeyourwordswithusમાં મોકલો.

## તૃપ્તિબેન વડગામાની ગુજરાતના વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના મહિલા પ્રમુખ તરીકે નિમણુંક





વિકાસ ગ્રાહક સુરક્ષાનાં રાષ્ટ્રીય અધ્યક્ષ તથા માજી ધારાસભ્ય શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂત સાહેબની અધ્યક્ષતામાં મળેલ મીટીંગમાં ગુજરાતના વિવિધ જીલ્લા તાલુકાનાં આગેવાનો એકઠાં થયાં આ પ્રસંગે જામનગર જીલ્લાનાં મહિલા કાર્યકર તૃપ્તિબેન વડગામાની પ્રશંસનીય કામગીરી જોઇ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી સુરેન્દ્ર સિંહ રાજપુત સાહેબે તેઓને ગુજરાતના વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્રના મહિલા પ્રમુખ જાહેર કર્યા હતાં . તેમની નિમણુંકને સૌ આગેવાનો તથા કાર્યકરોએ વધાવી લીધા હતા.

## સુથાર સમાજ ગુજરાતના રાજયસ્તરીય ઉપપ્રમુખ તરીકે નિખીલભાઇ ગજજરની વરણી



સુથાર સમાજ ગુજરાતની તાજેતરમાં મળેલી બેઠકમાં વડોદરાના અગ્રણી બિલ્ડર્સ વેદાંત ગૃપના નિખીલભાઇ ગજજરની સંસ્થાના રાજયસ્તરીય ઉપપ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી થવા પામી છે. શ્રી નિખીલભાઇ ગજજર શૈક્ષણિક ક્ષેત્રે તથા ગજજર સુથાર સમાજ ગુજરાતના છેલ્લા ૧૩ વર્ષથી યોજાતા સમૂહલગ્નમાં પણ સક્રિય તથા મહત્તમ યોગદાન પ્રદાન કરી રહયા છે. તેઓની વરણીથી સમાજમાં હર્ષની લાગણી પ્રસરી છે.

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું
એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન

# વિશ્વકર્મા વિશ્વ

માટે પ્રત્યેક જિલ્લા
તાલુકાના શહેરો માટે
રીપોર્ટર/પ્રતિનિધિ જોઈએ છે.

## પ્રેસ કાર્ડ અપાશે

: સંપર્ક :
પ્રવીણ ગજ્જર - મો. ૯૦૯૯૯ ૪૯૫૬૫

Ramy Publication

૩૨૦, હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧.
Web : www.vishwakarmavishwa.com
E-mail : vishwakarmavishwa@yahoo.com

# સ્વસ્થ રહો, પ્રસન્ન રહો



## દિલિપભાઈ સિંહાર

સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭

# સુજોક એક્યુપ્રેશર સેન્ટર

✓ મણકાનો દુ:ખાવો
✓ ગાદી ખસી જવી
✓ સ્ત્રીરોગ(ગાયનેક)
✓ કાકડા
✓ સાયટીકા
✓ પેરેલીસીસ
✓ ફ્રોઝન સોલ્ડર
✓ અનિદ્રા
✓ બી.પી.
✓ ડાયાબીટીસ
✓ કોરોનરી હાર્ટ ડીસીઝ

**સહિતના અસાધ્ય રોગની એકમાત્ર અસરકારક સારવાર...**



**અમદાવાદ :** વિશાખા ગજ્જર (સુજોક એક્યુપ્રેસરીસ્ટ), મો. ૯૯૭૯૮ ૭૧૨૮૪
**સમય : દરરોજ સવારે ૧૦ થી ૧૨**
૪૩, રામવાડી સોસાયટી, શાંતારામ હોલની સામે, નિર્ણયનગર પાસે,
ગરનાળુ, અમદાવાદ.
**સમય : દરરોજ સાંજે ૫ થી ૭**
યોગાલાઈફ અમદાવાદ યોગ શાળા, નિશાન સ્કુલ સામે, અંબિકા ચાર રસ્તા પાસે,
રાણીપ, અમદાવાદ.

**રાજકોટ :** શીતલ બાસોપીયા - મો. ૬૩૫૪૧ ૯૧૪૧૩
**સમય : સવારે ૧૦ થી ૧૨ - સાંજે ૫ થી ૮**
ઓજસ એક્યુપ્રેશર થેરાપી
૨૧, શિવાલીક એપાર્ટમેન્ટ, આનંદ મેડીકલ સ્ટોર પાસે, નાગરીક બેંક ચોક, ઢેબર રોડ, રાજકોટ.

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month

## શિક્ષણ માટે દીકરીયુનુ પોતીકુ ઘર એટલે...

# શ્રી ગુર્જર સુતાર કન્યા છાત્રાલય

સ્થાપના તા. ૧-૧૨-૨૦૧૦ રાજકોટ



















## આધુનિક સુવિધાઓની આછેરી ઝલક

- CCTV કેમેરા
- સોલાર સિસ્ટમ
- વોટર કુલર / R.O.
- ફીંગર પ્રિન્ટ હાજરીપત્રક
- ફીંગર પ્રિન્ટ મેઈન ડોર
- મીડીયા રૂમ

## કન્યા છાત્રાલયમાં નવા સત્રથી પ્રવેશ ચાલુ છે

**સંપર્ક : સવારે ૧૦.૦૦ થી રાત્રે ૮.૦૦**

**મો. ૯૦૬૭૨૫૫૦૪૬ / ૮૪૬૯૬૯૭૦૮૩**

G.S.K.C.
૧-૧૨-૨૦૧૦

Shri Vishvakarma Vidhyaniketan Trust Organized

**Shri Gurjar Sutar Kanya Chhatralay**

"Shanskar Bhavan" Opp. A.V. Jasani School, Gondal Road, Rajkot (Gujarat).

ज्ञानम् परमम् ध्येयम्